સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 04**

[17/01/21 to 23/01/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


## નવી બેચ શરૂ



**PSI / ASI**
02/02/2021
સાંજે 6:30 to 8:30

**CONSTABLE**
09/02/2021
બપોરે 1:00 to 3:00

offline રાજકોટ

93757-01110 / 93280-01110

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**17 JAN-2021**

- વિશ્વના સૌથી મોટા કોરોના રસીકરણનો પ્રારંભ ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરાવ્યો ........ 02
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રારંભ-સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સમિટ'ને સંબોધન કર્યું ........ 03
- તમિલનાડુ રાજ્યમાં પરંપરાગત 'જલીકટ્ટુ' તહેવારની ઉજવણી ........ 05
- QUESTION ANSWERS ........ 07

**18 JAN-2021**

- સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતી 8 ટ્રેનોને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ લીલીઝંડી આપી ........ 09
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને G7 સમિટમાં ભાગ લેવા માટે બ્રિટિશ વડાપ્રધાન શ્રી બોરિસ જ્હોન્સને આમંત્રણ આપ્યું ........ 11
- ફિજીએ યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ(UNHRC)ની અધ્યક્ષતા મેળવી ........ 12
- તમિલનાડુ રાજ્યમાં તિરૂવલ્લુવર દિવસની ઉજવણી કરવામાં આવી ........ 13
- QUESTION ANSWERS ........ 14

**19 JAN-2021**

- દિવસ મહિમા : 19 જાન્યુઆરી, કોકબોરોક દિવસ ........ 16
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટના બીજા તબક્કાનું તથા સુરત મેટ્રોરેલ પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કર્યું ........ 16
- કેન્દ્રીય સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંહ દ્વારા 'એરો ઈન્ડિયા 21' મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી ........ 17
- પેટ્રોલિયમ અને કુદરતી વાયુ મંત્રાલયે ગ્રીન ઊર્જા અંગે જાગરૂકતા ફેલાવવા માટે 'સક્ષમ' જાગૃતિ અભિયાન શરૂ કર્યું ........ 18
- રેલવે મંત્રાલયે Iron Ore Policy, 2021ને મંજૂરી આપી ........ 19
- QUESTION ANSWERS ........ 20

**20 JAN-2021**

- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન'ની જાહેરાત કરી ........ 22
- ભારત અને ફ્રાન્સ વચ્ચે 'એક્સ ડેઝર્ટ નાઈટ 21' કવાયતનું આયોજન ........ 23
- DRDO દ્વારા વિકસાવવામાં આવેલ 'રક્ષિતા' નામની બાઈક એમ્બ્યુલન્સ CRPFમાં સામેલ કરવામાં આવી ........ 24
- QUESTION ANSWERS ........ 26

**21 JAN-2021**

- અમેરિકાના 46મા રાષ્ટ્રપતિ તરીકે શ્રી જો બાઈડેને શપથ લીધા ........ 27
- નીતિ આયોગ દ્વારા 'ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સ 2020' જાહેર કરવામાં આવ્યો ........ 29
- WE hubએ i -hub સાથે પાર્ટરશિપની જાહેરાત કરી ........ 31
- QUESTION ANSWERS ........ 33

**22 JAN-2021**

- ઈફ્કો વિશ્વની નંબર-વન સહકારી કંપની જાહેર કરવામાં આવી ........ 35
- સ્ટારસ્ટ્રીક એર ડિફેન્સ સિસ્ટમ માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર ........ 35
- ગ્લોબલ ફાયરપાવર ઈન્ડેક્સ, 2021માં ભારતે ચોથો ક્રમાંક મેળવ્યો ........ 36
- QUESTION ANSWERS ........ 38

**23 JAN-2021**

- દિવસ મહિમા : 23 જાન્યુઆરી, પરાક્રમ દિવસ ........ 39
- કેન્દ્રીયમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાની અધ્યક્ષતામાં ગુજરાતના કચ્છમાં 'ચિંતન શિબિર'નું આયોજન ........ 43
- ગ્લોબલ ઈન્ટરનેટ સ્પીડટેસ્ટ ઈન્ડેક્સમાં ભારત મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડ મુદ્દે સમગ્ર વિશ્વમાં 129મા ક્રમાંકે ........ 43
- ભારતનો સૌથી મોટો મલ્ટી-મોડેલ લોજિસ્ટીક પાર્ક અમદાવાદના સાણંદ નજીક બનશે ........ 44
- QUESTION ANSWERS ........ 45

**ONE LINER** ........ 47

**QUESTION OF THIS WEEK** ........ 53

## વિશ્વના સૌથી મોટા કોરોના રસીકરણનો પ્રારંભ ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરાવ્યો

16 જાન્યુઆરી, 2021ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા **વિશ્વના સૌથી મોટા કોરોના રસીકરણ અભિયાન**નો પ્રારંભ કરાવ્યો હતો.

- આ સાથે દેશભરમાં ઊભા કરાયેલા 3,000 કરતાં વધુ સેન્ટર ખાતે કોરોનાની રસી આપવાનો પ્રારંભ કરાયો હતો.
- દિલ્હીની એઈમ્સ હોસ્પિટલ ખાતે કેન્દ્રીય **આરોગ્ય મંત્રી શ્રી ડો. હર્ષવર્ધન** અને **એઈમ્સના ડિરેક્ટર શ્રી ડો. રણદીપ ગુલેરિયા**ની ઉપસ્થિતિમાં સેનિટેશન વર્કર મનીશ કુમારને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ અપાયો હતો. આ સાથે **મનીશ કુમાર ભારતમાં કોરોનાની રસીનો ડોઝ મેળવનાર પ્રથમ વ્યક્તિ** બન્યા હતા.
- કોરોના રસીકરણના પ્રથમ તબક્કામાં સરકારી અને પ્રાઈવેટ સેક્ટરના ડોક્ટર, નર્સ, ટેક્નિશિયન, લેબ વર્કર્સ, ICDS વર્કર્સ સહિતના 1 કરોડ આરોગ્ય કર્મચારીઓને કોરોના રસીના ડોઝ અપાશે.
- ત્યારબાદ રાજ્ય અને કેન્દ્રના પોલીસ કર્મચારી, સશસ્ત્ર દળો, હોમગાર્ડ, જેલ કર્મચારી, ડિઝાસ્ટર મેનેજમેન્ટના કર્મચારી, સિવિલ ડિફેન્સ, મ્યુનિસિપલ કર્મચારી, રેવન્યુ કર્મચારી સહિતના બે કરોડ ફ્રન્ટલાઈન વર્કર્સને કોરોનાની રસી આપવાનો પ્રારંભ કરાશે.
- આ તમામના રસીકરણ બાદ બીજા તબક્કામાં 50 વર્ષથી ઉપરના નાગરિકો અને ગંભીર બીમારીથી પીડાતા 50 વર્ષથી ઓછી વયના 27 કરોડ નાગરિકોનું રસીકરણ શરૂ કરાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### રસીકરણ માટે 24 કલાકની હેલ્પલાઈન 1075નો પ્રારંભ

કેન્દ્ર સરકારે કોવિડ-19 મહામારી, રસીકરણ અને કો–વિન સોફ્ટવેર અંગેની માહિતી માટે **24 કલાકની હેલ્પલાઈન 1075**નો પ્રારંભ કર્યો છે.

- તે ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા કો–વિન આઈટી પ્લેટફોર્મ પણ તૈયાર કરાયું છે.

### ઈમર્જન્સી યૂઝ માટે ભારતમાં મંજૂર કરાયેલ રસીઓ

ભારતમાં બે રસીઓને ઈમર્જન્સી યૂઝ માટે મંજૂરી આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે :

1. **કોવેક્સિન :**

**કોવેક્સિનએ ભારતની સ્વદેશી કોરોના રસી** છે.

- તેને **હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક** અને **ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)** દ્વારા વિકસાવવામાં આવી છે.

2. **કોવિશીલ્ડ :**
કોવિશીલ્ડને **બ્રિટનની એસ્ટ્રાઝેનેકા** અને **ઓક્સફર્ડ યુનિવર્સિટી** દ્વારા વિકસાવવામાં આવી છે.

- તેનું ઉત્પાદન ભારતમાં **સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, પૂણે** ખાતે કરવામાં આવ્યું છે.

**ICE FACT :**

(1) ભાજપના ડો. મહેશ શર્મા વેક્સિન લેનારા પ્રથમ સાંસદ બન્યા હતા.

(2) વિશ્વના સૌથી મોટા રસીકરણનાં આરંભે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અમદાવાદ સ્થિત સિવિલ હોસ્પિટલમાં ઉપસ્થિત રહયા હતા અને ત્યાંથી ગુજરાતમાં રસીકરણનો આરંભ કરાવ્યો હતો.

(3) જનજાગૃતિ માટે ગુજરાતમાં રસી લેનાર વોલન્ટિયર **'મેં વેક્સિન લીધી છે'**નો બિલ્લો પહેરશે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રારંભ-સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સમિટ'ને સંબોધન કર્યું

16 જાન્યુઆરી, 2021ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બે દિવસીય શિખર સંમેલન 'પ્રારંભ-સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સમિટ'**ને વીડિયો કોન્ફરન્સિંગની મદદથી સંબોધન કર્યું હતું.

- 'પ્રારંભ–સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સમિટ'નું ઉદ્દઘાટન 15 જાન્યુઆરી, 2021ના રોજ **કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી શ્રી પિયૂષ ગોયલ** દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સમિટનું આયોજન **કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય** અંતર્ગતના **'ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT)'** દ્વારા કરવામાં આવ્યું હતું.
- **'સ્ટાર્ટઅપ ઈન્ડિયા'** પહેલની **પાંચમી વર્ષગાંઠને ચિહ્નિત** કરવા માટે આ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- બે દિવસીય કાર્યક્રમના આખરી દિવસે વડાપ્રધાનશ્રીએ **બે ઓફ બેંગાલ ઈનિશિએટિવ ફોર મલ્ટી સેક્ટરલ ટેક્નીકલ એન્ડ ઈકોનોમિક્સ કોર્પોરેશન (BIMSTEC)**ના નવા ઈન્વેન્ટર્સ સાથે વાતચીત કરી હતી.
- વડાપ્રધાનશ્રીએ આ પ્રસંગે સ્ટાર્ટઅપને આરંભિક મૂડી ઉપલબ્ધ કરાવવા 1,000 કરોડ રૂપિયાના સ્ટાર્ટઅપ સીડ ફંડ ઊભું કરવાની જાહેરાત કરી હતી.

- આ શિખર સંમેલનના પ્રથમ દિવસે BIMSTEC સ્ટાર્ટઅપ કોન્કલેવની મેજબાની કરવામાં આવી હતી.
- આ સમિટમાં 25 દેશોના 200થી વધુ વકતાઓએ ભાગ લીધો હતો.

## BIMSTEC વિશે

BIMSTECનું પૂરું નામ '**બે ઓફ બેંગાલ ઈનિશિએટિવ ફોર મલ્ટી-સેકટરલ ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન**' છે.

- BIMSTECની **સ્થાપના 6 જૂન, 1997**ના રોજ કરવામાં આવી હતું.
- તેનુ **મુખ્યમથક બાંગ્લાદેશના ઢાકા** ખાતે આવેલું છે.
- વર્તમાનમાં BIMSTECનો **ચેરમેન દેશ શ્રીલંકા** છે.
- તેના **કુલ સભ્યદેશો 7** છે. જેમાં **બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા** અને **થાઈલેન્ડ**નો સમાવેશ થાય છે.
- BIMSTECએ બંગાળની ખાડીના કિનારે આવેલા દેશોનું એક આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગ સંગઠન છે.
- આ સંગઠનનો ઉદ્દેશ તીવ્ર આર્થિક વિકાસ, સામાજિક પ્રગતિને પ્રોત્સાહન અને સભ્યદેશો વચ્ચે પરસ્પરના હિતો માટે હકારાત્મક વાતાવરણ ઊભુ કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## BIMSTECની વિવિધ સમિટો

બિમસ્ટેકની વિવિધ સમિટોનું આયોજન વિવિધ દેશો દ્વારા વિવિધ શહેરોમાં કરવામાં આવ્યું છે જેની નીચે મુજબ છે :

| ક્રમ | તારીખ | યજમાન દેશ | યજમાન શહેર |
|---|---|---|---|
| 1 | 31 જુલાઈ 2004 | થાઈલેન્ડ | બેંગકોક |
| 2 | 13 નવેમ્બર 2008 | ભારત | નવી દિલ્હી |
| 3 | 4 માર્ચ 2014 | મ્યાનમાર | નાઈપીડો |
| 4 | 30-31 ઓગસ્ટ 2018 | નેપાળ | કાઠમંડુ |
| 5 | 2022 | શ્રીલંકા | કોલંબો |

**ICE FACT :**

- 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' પહેલની શરૂઆત **16 જાન્યુઆરી, 2016**ના રોજ કરવામાં આવી હતી.

# તમિલનાડુ રાજ્યમાં પરંપરાગત 'જલીકટ્ટુ' તહેવારની ઉજવણી

જલીકટ્ટુની ઉજવણી સામાન્ય રીતે **જાન્યુઆરી મહિનાના બીજા અઠવાડિયામાં** **તમિલ તહેવાર** 'પોંગલ' દરમિયાન **લણણીના સમયે** કરવામાં આવે છે.

## જલીકટ્ટુ રમત વિશે

જલીકટ્ટુ લગભગ **2,000 વર્ષ જૂની** એક સ્પર્ધાત્મક રમત છે, જે બળદના માલિકોને માન આપવાનો એક કાર્યક્રમ છે.

- આ એક **હિંસક રમત** છે જેમાં સ્પર્ધકો પુરસ્કાર મેળવવા માટે બળદને કાબૂમાં રાખવા/નિયંત્રિત કરવાનો પ્રયાસ કરે છે. જો સ્પર્ધકો બળદને કાબૂ કરવામાં નિષ્ફળ જાય તો બળદના માલિકને પુરસ્કાર મળે છે.

## જલીકટ્ટુનું મહત્વ

જલીકટ્ટુ સ્થાનિક ખેડૂત સમુદાય માટે શુદ્ધ જાતિના મૂળ આખલાઓને સાચવવાની પરંપરાગત રીત છે.

- હાલમાં પશુ પ્રજનન કૃત્રિમ પ્રક્રિયાના માધ્યમથી થાય છે ત્યારે સંરક્ષણવાદીઓનો એવો તર્ક છે કે જલીકટ્ટુ દ્વારા આવા નર પશુઓને રક્ષણ મળે છે. નહીતર તેનો ઉપયોગ ફકત માંસ માટે જ કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## જલીકટ્ટુ સંબંધિત ક્ષેત્રો

જલીકટ્ટુ સંબંધિત ક્ષેત્રોમાં **તમિલનાડુના મદુરાઈ, થેની, તિરૂચિરાપલ્લી** અને **ડિંડીગુલ** જેવા જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ તમામ ક્ષેત્રોને 'જલીકટ્ટુ બેલ્ટ'ના નામે પણ ઓળખવામાં આવે છે.

## જલીકટ્ટુમાં લોકપ્રિય પશુધન જાતિઓ

જલીકટ્ટુમાં લોકપ્રિય પશુધન જાતિઓમાં બળદોની દેશી નસ્લો જેવી કે **કંગાયમ, પુલિકુલમ, ઉમબલાચેરી, બારગુર** અને **મલાઈ મડુ**નો સમાવેશ થાય છે.

## જલીકટ્ટુ પર કાનૂની હસ્તક્ષેપ

વર્ષ 2011માં કેન્દ્ર સરકારે તાલીમ અને પ્રદર્શન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો એવા પ્રાણીઓની યાદીમાં બળદનો ઉમેરો કર્યો હતો. બાદમાં 2014માં સુપ્રીમકોર્ટે જલીકટ્ટુ પર પ્રતિબંધ મૂકયો હતો.

- હાલમાં, તમિલનાડુ રાજ્ય સરકારે જલીકટ્ટુ ઈવેન્ટ્સને કાયદેસર ઠેરવી છે.
- વર્ષ 2018માં સુપ્રીમકોર્ટે જલીકટ્ટુના કેસને બંધારણીય બેંચ પાસે મોકલ્યો હતો જેની કાર્યવાહી હજુ યથાવત છે.

**ICE FACT :**

(1) કર્ણાટકની જલીકટ્ટુ જેવી રમતને 'કંબાલા' તરીકે ઓળખવામાં આવે છે.

(2) જલીકટ્ટુને 'સલ્લીકટ્ટુ', 'ઈરૂ તઝુવુથલ' અને 'મંકુવિરટ્ટુ' જેવા અન્ય નામે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## SUNDAY Questions

1. વિશ્વના સૌથી મોટા કોરોના રસીકરણનો પ્રારંભ ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયારે કરાવ્યો હતો ?

(A) 14 જાન્યુઆરી, 2021 (B) 15 જાન્યુઆરી, 2021
(C) 16 જાન્યુઆરી, 2021 (D) 17 જાન્યુઆરી, 2021 (C)

2. ભારતમાં કોરોનાની રસીનો ડોઝ પ્રથમ મેળવનાર વ્યક્તિનું નામ જણાવો ?

(A) શ્રી મનીશ કુમાર (B) શ્રી હિતેશ કુમાર
(C) શ્રી સતીષ કુમાર (D) શ્રી મોહિત કુમાર (A)

3. કેન્દ્ર સરકારે કોવિડ-19 મહામારી, રસીકરણ અને કો–વિન સોફટવેર અંગેની માહિતી માટે 24 કલાકની હેલ્પલાઈનનો પ્રારંભ કર્યો છે, આ અંતર્ગત કયો નંબર જારી કરવામાં આવ્યો છે ?

(A) 1072 (B) 1075 (C) 1076 (D) 1078 (B)

4. ભારતની સ્વદેશી કોરોના વેક્સિન 'કોવેક્સિન' કઈ સંસ્થા દ્વારા વિકસાવવામાં આવી છે ?

(A) ભારત બાયોટેક
(B) ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) બંને પૈકી એકપણ નહીં (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં કયા સ્થળે ઉપસ્થિત રહીને રસીકરણનો પ્રારંભ કરાવ્યો હતો ?

(A) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ (B) સિવિલ હોસ્પિટલ, ભાવનગર
(C) સિવિલ હોસ્પિટલ, રાજકોટ (D) સિવિલ હોસ્પિટલ, જામનગર (A)

6. 'પ્રારંભ–સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સમિટ'નું ઉદઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

(A) શ્રી નીતિન ગડકરી (B) શ્રી પ્રકાશ જાવડેકર
(C) શ્રી નરેન્દ્રસિંહ તોમર (D) શ્રી પિયૂષ ગોયલ (D)

7. 'પ્રારંભ–સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈન્ટરનેશનલ સમિટ' વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?

1. આ સમિટનું આયોજન ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT) દ્વારા કરવામાં આવ્યું હતું.
2. 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' પહેલની પાંચમી વર્ષગાંઠને ચિહ્નિત કરવા માટે આ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
3. વડાપ્રધાનશ્રીએ આ સમિટને સંબોધન કરતી વખતે સ્ટાર્ટઅપને આરંભિક મૂડી ઉપલબ્ધ કરાવવા 1,000 કરોડ રૂપિયાના સ્ટાર્ટઅપ સીડ ફંડ ઊભુ કરવાની જાહેરાત કરી હતી.

(A) 1, 2 (B) 1, 2, 3 (C) 2, 3 (D) 1, 3 **(B)**

8. 'BIMSTEC' વિશે સાચુ વિધાન/વિધાનો જણાવો ?

1. BIMSTECની સ્થાપના 6 જૂન, 1997ના રોજ કરવામાં આવી હતી.
2. તેનું મુખ્યમથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
3. તેમાં કુલ 7 સભ્યદેશો છે.
4. વર્ષ 2022માં BIMSTECની સમિટ શ્રીલંકામાં યોજવામાં આવશે.

(A) 1, 2, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 3, 4 **(D)**

9. જલીકટ્ટુએ કયા રાજ્યનો પરંપરાગત તહેવાર છે ?

(A) તેલંગાણા (B) તમિલનાડુ (C) કેરલ (D) આંધ્રપ્રદેશ **(B)**

10. 'જલીકટ્ટુ બેલ્ટ'માં નીચેના પૈકી કયા ક્ષેત્રનો સમાવેશ થતો નથી ?

(A) ચેન્નાઈ (B) થેની (C) ડિંડીગુલ (D) તિરૂચિરાપલ્લી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતી 8 ટ્રેનોને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ લીલીઝંડી આપી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વિવિધ વિસ્તારોને ગુજરાતના કેવડિયા સાથે જોડતી 8 ટ્રેનોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા લીલીઝંડી બતાવી પ્રારંભ કરાવ્યો હતો.

- કેવડિયા ખાતે નિર્માણ કરાયેલા સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધી પહોંચવા માટે દેશના અલગ અલગ રાજ્યોના પ્રવાસીઓને સારી સુવિધા મળી રહે તે માટે **વારાણસી(ઉત્તરપ્રદેશ), દાદર(મહારાષ્ટ્ર), અમદાવાદ(ગુજરાત), હઝરત નિઝામુદ્દીન(નવી દિલ્હી), રિવા(મધ્યપ્રદેશ), ચેન્નાઈ(તમિલનાડુ)** અને **પ્રતાપનગર(ગુજરાત)થી** ટ્રેન સેવાની શરૂઆત કરાઈ છે.
- વડાપ્રધાનશ્રી મોદીએ આ પ્રસંગે ડભોઈ–ચાંદોદ બ્રોડગેજ લાઈન, ચાંદોદ–કેવડિયા બ્રોડગેજ લાઈન, પ્રતાપનગર–કેવડિયા વચ્ચે વિદ્યુતીકરણ કરાયેલ સેકશન અને **ડભોઈ, ચાંદોદ** અને **કેવડિયાના નવા રેલવે સ્ટેશનોનું ઉદ્દઘાટન** કર્યું હતું.
- આ પ્રસંગે કેન્દ્રીય રેલવે પ્રધાન **શ્રી પિયૂષ ગોયલ, ગુજરાત**ના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી **શ્રી શિવરાજસિંહ ચૌહાણ, ઉત્તરપ્રદેશ**ના મુખ્યમંત્રી **શ્રી યોગી આદિત્યનાથ, દિલ્હી**ના મુખ્યમંત્રી **શ્રી અરવિંદ કેજરીવાલ** તથા **મહારાષ્ટ્ર**ના મુખ્યમંત્રી **શ્રી ઉદ્ધવ ઠાકરે** હાજર રહયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### અમદાવાદ-કેવડિયા જનશતાબ્દી ટ્રેન વિસ્ટા-ડોમ કોચથી સજ્જ

**અમદાવાદ** અને **કેવડિયા** વચ્ચે શરૂ કરાયેલી **જનશતાબ્દી એક્સપ્રેસ વિસ્ટા ડોમ કોચથી સજ્જ** છે.

- આ કોચને **રૂફટોપ ગ્લાસ** સાથે સજ્જ કરાયા છે. જેથી પ્રવાસીઓ આસપાસના વિસ્તારોનો સારી રીતે આનંદ માણી શકે.
- તે ઉપરાંત **કોચની સીટ 180 ડિગ્રી સુધી રોટેટ** થઈ શકે તેવી સુવિધા આપવામાં આવી છે.

### કેવડિયાને જોડતી 8 વિવિધ ટ્રેનો


કેવડિયાને વિવિધ વિસ્તારો સાથે જોડતી ટ્રેનો નીચે મુજબ છે :

1. વારાણસી–કેવડિયા એકસપ્રેસ (દર રવિવારે)
2. દાદર–કેવડિયા એકસપ્રેસ (દરરોજ)
3. અમદાવાદ–કેવડિયા જનશતાબ્દી (દરરોજ)
4. નિઝામુદીન–કેવડિયા એકસપ્રેસ (દર રવિવારે)

5. રિવા–કેવડિયા એક્સપ્રેસ (દર રવિવારે)
6. ચેન્નાઈ–કેવડિયા એક્સપ્રેસ (દર રવિવારે)
7. પ્રતાપનગર–કેવડિયા મેમુ (દરરોજ 2 ટ્રેન)
8. કેવડિયા–પ્રતાપનગર મેમુ (દરરોજ 2 ટ્રેન)


**ICE FACTS :**

1. કેવડિયા રેલવે સ્ટેશન ભારતનું સૌપ્રથમ ગ્રીન બિલ્ડીંગ સર્ટિફિકેટ ધરાવતું સ્ટેશન છે.
2. MEMUનું પૂરું નામ 'મેઈનલાઈન ઈલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ' છે. DEMUનું પૂરું નામ 'ડિઝલ ઈલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ' છે.
3. અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશનથી કેવડિયા કોલોની માટે જનશતાબ્દી એક્સપ્રેસનો પ્રારંભ કરાયો હતો.
4. ટ્રેનોમાં વિવિધ કોચમાં યુનિટી ઈન ડ્રેસ ડાયવર્સિટી, યુનિટી ઈન ડાન્સડાયવર્સિટી, યુનિટી ઈન મ્યુઝિકલ ડાયવર્સિટી, યુનિટી ઈન કલ્ચરલ ડાયવર્સિટી તેમજ યુનિટી ઈન રિલીજીયસ ડાયવર્સિટી જેવા વિષયો આધારિત થીમ નિયત કરાઈ હતી.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને G7 સમિટમાં ભાગ લેવા માટે બ્રિટિશ વડાપ્રધાન શ્રી બોરિસ જહોન્સને આમંત્રણ આપ્યું



બ્રિટનના વડાપ્રધાન શ્રી બોરિસ જહોન્સને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને G7 સમિટની બેઠકમાં ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું છે.

- બ્રિટને ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયાને પણ આ સમિટમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે.
- 47મા G7 શિખર સંમેલનનું આયોજન 11થી 13 જૂન, 2021 દરમિયાન કરવામાં આવશે.
- બ્રિટનના કોર્નવેલ ખાતે યોજાનારી આ સમિટનું અધ્યક્ષપદ બ્રિટન સંભાળશે.
- અગાઉ બ્રિટને 'D10' નામના દુનિયાના સૌથી મોટા 10 લોકશાહી દેશોના જૂથ માટેનો પ્રસ્તાવ મૂકયો હતો.
- આ 'D10' દેશોમાં G7ના સભ્યદેશોની સાથે ભારત, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ કોરિયાનો સમાવેશ કરવાની વાત કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## G7 (Group of Seven) વિશે

Group of Seven (G7) એ એક આંતર સરકારી સંસ્થા છે. જેમાં કેનેડા, ફ્રાંસ, જર્મની, ઈટાલી, જાપાન, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ જેવા સભ્યદેશોનો સમાવેશ થાય છે.

- G7ની રચના મૂળ વર્ષ 1975માં થઈ હતી.
- રશિયાને વર્ષ 1998માં G7ના સભ્ય તરીકે ઔપચારિક રીતે સામેલ કરવામાં આવ્યો હતો. આ સાથે G7 એ G8 તરીકે અસ્તિત્વમાં આવ્યું હતું.
- વર્ષ 2014માં રશિયાને આ ગ્રૂપમાંથી દૂર કરવામાં આવ્યો હતો. આથી G8 ગ્રૂપ ફરીથી G7 ગ્રૂપ બન્યું હતું.
- G7ના સભ્ય બનવા માટે કોઈપણ દેશ હાઈ નેટ નેશનલ વેલ્થ અને હાઈ હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ ધરાવતો હોવો જરૂરી છે.
- G7 વાર્ષિક સમિટની અધ્યક્ષતા તેના સભ્યદેશો રોટેશનલ આધારે કરે છે.

## G7નું મહત્ત્વ

G7માં લીધેલા નિર્ણયો વૈશ્વિક સ્તરે ખૂબ અસર કરે છે કારણ કે G7ના સભ્ય દેશો વિશ્વની મુખ્ય આર્થિક શક્તિઓ છે.

- G7ના સભ્યદેશો વિશ્વની 58% નેટ સંપત્તિનું પ્રતિનિધિત્વ કરે છે.
- G7માં લેવાયેલા નિર્ણયો વિશ્વમાં બધાં જ દેશો પર કાયદેસર બંધનકર્તા નથી પરંતુ તેનો મજબૂત રાજકીય પ્રભાવ પડે છે.

# ફિજીએ યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ(UNHRC)ની અધ્યક્ષતા મેળવી



સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદે ફિજીના **રાજદૂત નઝહત શમીમ ખાનને** તેના **અધ્યક્ષ તરીકે ચૂંટી** કાઢયા છે.

- નઝહત શમીમ ખાનને એક ગુપ્ત મતદાન દ્વારા ચૂંટવામાં આવ્યા છે.
- અગાઉ ફિજીના રાજદૂત નઝહત શમીમ ખાને વર્ષ 2020માં યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલના ઉપાધ્યક્ષ તરીકે સેવા આપી હતી.
- અગાઉ UNHRCના અધ્યક્ષ તરીકે **એલિઝાબેથ ટિચી ફિસલબર્ગ** કાર્યરત હતા, જેઓનો કાર્યકાળ 31 ડિસેમ્બર, 2020ના રોજ પૂર્ણ થયો હતો.

## યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ (UNHRC) વિશે

યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ એ સંયુક્ત રાષ્ટ્ર અંતર્ગતની એક સંસ્થા છે. જેનો ઉદ્દેશ દુનિયાભરમાં માનવ અધિકારીને પ્રોત્સાહન અને તેનું રક્ષણ કરવાનો છે.

- યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલની રચના **15 માર્ચ, 2006**ના રોજ કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક **સ્વિટ્ઝર્લેન્ડ**ના **જિનિવા** ખાતે આવેલું છે.
- UNHRCમાં ક્ષેત્રીય સમૂહના આધાર પર **ત્રણ વર્ષની મુદત** માટે પસંદ કરવામાં આવેલા **47 સભ્યો** છે.
- UNHRCના વર્તમાન અધ્યક્ષ ફિજીના **નઝહત શમીમ ખાન** છે.

## તમિલનાડુ રાજ્યમાં તિરૂવલ્લુવર દિવસની ઉજવણી કરવામાં આવી

તમિલનાડુ રાજ્યમાં પોંગલની ઉજવણી દરમિયાન તિરૂવલ્લુવર દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### તિરૂવલ્લુવર વિશે

તિરૂવલ્લુવરએ **તમિલભાષા**ના સુપ્રસિદ્ધ કવિ છે. અને તેઓ **'તિરૂક્કુરલ'**ના લેખક તરીકે જાણીતા છે.

- તિરૂક્કુરલ એ **રાજકીય** અને **આર્થિક બાબતો**, **નૈતિકતા** અને **પ્રેમ સંબંધિત દોહાઓ**નો સંગ્રહ છે.
- તિરૂવલ્લુવર વિશે એવું માનવામાં આવે છે કે તેઓ **ચોથી અને છઠ્ઠી** સદીની વચ્ચે **ચેન્નાઈ નજીક** રહેતા હતા.
- તિરૂક્કુરલ સિવાય તિરૂવલ્લુવરે **'જ્ઞાન વેટ્ટીયાન'** અને **'પંચરત્નમ'** નામની બુકો પણ લખેલી છે. આ પુસ્તકો **તમિલવિજ્ઞાન**, **સિદ્ધ દવાઓ** અને **સાહિત્ય**માં યોગદાન કરે છે.

### તિરૂક્કુરલ વિશે

કુરાલ સાહિત્યના ત્રણ ભાગ છે. તેમાં અરમ (ગુણ), પોરૂલ (સંપત્તિ) અને **ઈન્બમ (પ્રેમ)**નો સમાવેશ થાય છે.

- **જ્યોર્જ અગ્લો પોપ** દ્વારા તિરૂક્કુરલનો **અંગ્રેજીમાં અનુવાદ** કરવામાં આવ્યો હતો.

**ICE FACT :**

- ભારતમાં તમિલનાડુના **કન્યાકુમારી** ખાતે **તિરૂવલ્લુવરની 133 ફૂટ ઊંચી પ્રતિમા** બનાવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

## MONDAY Questions

1. તાજેતરમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટીને જોડતી કેટલી ટ્રેનોને લીલીઝંડી આપી હતી ?

(A) 7 (B) 8 (C) 6 (D) 9 **(B)**

2. જનશતાબ્દી એકસપ્રેસને વિસ્ટાડોમ કોચથી સજ્જ કરવામાં આવી છે, જનશતાબ્દી એકસપ્રેસ કેવડિયાને કયા શહેર સાથે જોડશે ?

(A) પ્રતાપનગર (B) વારાણસી (C) ચેન્નાઈ (D) અમદાવાદ **(D)**

3. કયું રેલવે સ્ટેશન ભારતનું સૌપ્રથમ ગ્રીન બિલ્ડીંગ સર્ટિફિકેટ ધરાવતું સ્ટેશન છે ?

(A) કેવડિયા (B) પ્રતાપનગર (C) વારાણસી (D) ચેન્નાઈ **(A)**

4. 'MEMU' નું પૂરું નામ જણાવો ?

(A) મેઈન ઈલેકિટ્રક લાઈન મલ્ટીપલ યુનિટ
(B) મેઈનલાઈન ઈલેકિટ્રક મલ્ટીપર્પઝ યુનિટ
(C) મેઈનલાઈન ઈલેકિટ્રક મલ્ટીપલ યુનિટ
(D) ઉપરોકત એક પણ નહીં **(C)**

5. બ્રિટિશ વડાપ્રધાન શ્રી બોરિસ જ્હોન્સને કેટલામી G7 સમિટમાં ભાગ લેવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આમંત્રણ આપ્યું છે ?

(A) 47 (B) 46 (C) 48 (D) 49 **(A)**

6. બ્રિટને તાજેતરમાં કયા દેશ/દેશોને G7 સમિટમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે ?

A) ભારત (B) ઓસ્ટ્રેલિયા (C) સાઉથ કોરિયા (D) ઉપરોકત ત્રણેય **(D)**

7. તાજેતરમાં કયા દેશે યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલની અધ્યક્ષતા મેળવી ?

(A) ઈસ્ટોનિયા (B) ઈથોપિયા (C) ફિજી (D) ઈન્ડોનેશિયા **(C)**

8. યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ (UNHRC) વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?

1. UNHRCની રચના 15 માર્ચ, 2006ના રોજ કરવામાં આવી હતી.
2. તેનું મુખ્યમથક સ્વિટ્ઝર્લેન્ડના જિનિવા ખાતે આવેલું છે.
3. UNHRCના વર્તમાન અધ્યક્ષ ફિજીના નઝહત શમીમ ખાન છે.
4. વર્તમાનમાં તેમાં 47 સભ્યો છે.

A) 1, 2 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 3, 4 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. તાજેતરમાં કયા રાજ્યમાં તિરૂવલ્લુવર દિવસની ઉજવણી કરવામાં આવી ?
(A) તમિલનાડુ (B) તેલંગાણા (C) કેરલ (D) આંધ્રપ્રદેશ **(A)**

10. નીચેના પૈકી કયુ પુસ્તક તિરૂવલ્લુવર દ્વારા લખવામાં આવેલ નથી ?
(A) તિરૂકકુરલ (B) જ્ઞાન વેટ્ટીયાન (C) પંચરત્નમ (D) શિલપ્પદિકારમ **(D)**

11. તિરૂવલ્લુવરની 133 ફૂટની ઊંચી પ્રતિમા કયાં બનાવવામાં આવી છે ?
(A) કન્યાકુમારી (B) ત્રિવેન્દ્રમ (C) હૈદરાબાદ (D) કોચિ **(A)**




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
YouTube
SUBSCRIBE

## દિવસ મહિમા : 19 જાન્યુઆરી, કોકબોરોક દિવસ

કોકબોરોક દિવસની ઉજવણી દરવર્ષે 19 જાન્યુઆરીના રોજ કરવામાં આવે છે.

- કોકબોરોક દિવસને 'ત્રિપુરી ભાષા દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- કોકબોરોક દિવસ ત્રિપુરા રાજ્યમાં કોકબોરોક ભાષાના વિકાસ માટે ઉજવવામાં આવે છે.
- તે ત્રિપુરાની સત્તાવાર ભાષા છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટના બીજા તબક્કાનું તથા સુરત મેટ્રોરેલ પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કર્યું

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં નવી દિલ્હીથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા અમદાવાદ–ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટના બીજા તબક્કાનું તથા સુરતના મેટ્રોરેલ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યું હતું.

- આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને કેન્દ્રીય શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી હરદીપસિંહ પુરી નવી દિલ્હીથી તથા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત ગાંધીનગરના મહાત્મા મંદિરથી વર્ચ્યુઅલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.
- વડાપ્રધાનશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટના બીજા તબક્કામાં મોટેરાથી મહાત્મા મંદિર સુધીનો એક કોરિડોર અને GNLUથી ગિફ્ટસિટી સુધીનો બીજો કોરિડોર બનશે.
- તેવી જ રીતે સુરતમાં સરથાણાથી ડ્રીમસિટી અને ભેસાણથી સંચેલીને મેટ્રોરેલથી જોડવામાં આવશે.
- રૂ. 17 હજાર કરોડ કરતાં વધુ રકમના આ બંને પ્રોજેક્ટથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ પ્રેરક બળ મળશે.
- આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટ વર્ષ 2022 સુધીમાં પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.
- અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટના બીજા તબક્કામાં 28.25 કિ.મી. અંતરનું કાર્ય કરવામાં આવશે. જેમાં અંદાજિત રૂ. 5,384 કરોડનો ખર્ચ થશે.
- સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત 40.35 કિ.મી. અંતરનું કાર્ય કરવામાં આવશે. જેમાં અંદાજિત રૂ. 12,020 કરોડનો ખર્ચ થશે.

**ICE FACT :**

(1) GNLUનું પૂરું નામ Gujarat National Law University છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્રીય સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંહ દ્વારા 'એરો ઈન્ડિયા 21' મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી

- **'એરો ઈન્ડિયા 21'** મોબાઈલ એપ્લિકેશનનું લોન્ચિંગ તાજેતરમાં કેન્દ્રીય સંરક્ષણમંત્રી **શ્રી રાજનાથસિંહ** દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ એપ્લિકેશન એરો ઈન્ડિયા 21 થી સંબંધિત બધા મુદ્દાઓ માટે એક સરળ ઈન્ટરેક્ટિવ ઈન્ટરફેસના રૂપમાં કાર્ય કરશે.

### એરો ઈન્ડિયા વિશે

- એરો ઈન્ડિયા **બેંગાલુરુ**માં યોજાતો **એક દ્વિવાર્ષિક એર શો** છે.
- **કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય** હેઠળ કાર્યરત **ડિફેન્સ એક્ઝિબિશન ઓર્ગેનાઈઝેશન (સંરક્ષણ પ્રદર્શન સંસ્થા)** દ્વારા તેનું આયોજન કરવામાં આવે છે.
- **વર્ષ 2021**માં યોજાનારી એરો ઈન્ડિયા 21ની થીમ **'Runaway to a Billion Opportunities'** રાખવામાં આવી છે.
- એરો ઈન્ડિયાની **પ્રથમ આવૃત્તિનું** આયોજન **વર્ષ 1996**માં કરવામાં આવ્યું હતું.

### ડિફેન્સ એક્ઝિબિશન ઓર્ગેનાઈઝેશન વિશે

- ડિફેન્સ એક્ઝિબિશન ઓર્ગેનાઈઝેશનની **સ્થાપના વર્ષ 1981**માં કરવામાં આવી હતી.
- ભારતીય સંરક્ષણ ઉદ્યોગની નિકાસ સંભવિતતાને પ્રોત્સાહન આપવા માટે તેની સ્થાપના કરવામાં આવી હતી.
- તે **'ડિફેક્સ્પો (DEFEXPO)'** જેવા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો યોજવા માટે જવાબદાર છે.



# પેટ્રોલિયમ અને કુદરતી વાયુ મંત્રાલયે ગ્રીન ઊર્જા અંગે જાગરૂકતા ફેલાવવા માટે 'સક્ષમ' જાગૃતિ અભિયાન શરૂ કર્યું

<u>કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી વાયુ મંત્રાલયના કેન્દ્રીય સચિવ શ્રી તરૂણ કપૂર</u> દ્વારા <u>નવી દિલ્હી</u> ખાતેથી સક્ષમ જાગૃતિ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.

- <u>ગ્રીન ઊર્જા અને સ્વચ્છ ઊર્જા</u> અંગે જાગરૂકતા ફેલાવવા માટે સક્ષમ જાગૃતિ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.

## 'સક્ષમ' જાગૃતિ અભિયાન વિશે

'સક્ષમ' જાગૃતિ અભિયાન <u>એક મહિના</u> સુધી ચલાવવામાં આવશે. તેમજ તે <u>ગ્રીન ઊર્જા</u> અને સ્વચ્છ ઊર્જા અંગે જાગરૂકતા ફેલાવશે.

- <u>પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ એસોસિએશન (PCRA)</u> દ્વારા આ અભિયાનનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.
- આ અભિયાન વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઉલ્લેખિત સાત પ્રમુખ બાબતો</u> અંગે જાગરૂકતા લાવવાનું કાર્ય પણ કરશે જે નીચે મુજબ છે :

1. ઝડપથી ગેસ આધારિત અર્થવ્યવસ્થા તરફ આગળ વધવું.
2. અશ્મિભૂત ઈંધણનો સ્વચ્છ અને કુશળતાપૂર્વક ઉપયોગ
3. વર્ષ 2030 સુધીમાં 450 મેગાવોટના નવીનીકરણીય ઊર્જાના લક્ષ્યોને પ્રાપ્ત કરવા
4. જૈવ બળતણ માટે ઘરેલું સ્ત્રોતો પર ભરોસો કરવો
5. ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન
6. હાઈડ્રોજન જેવા નવા ઈંધણ વિકલ્પ તરફ અગ્રેસર બનવું
7. બધી ઊર્જા પ્રણાલીઓમાં ડિજિટલાઈઝેશનને પ્રોત્સાહન


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં ગ્રીન ઊર્જા અંગેની યોજનાઓ

કેન્દ્ર સરકારે ભારતમાં ગ્રીન ઊર્જાને પ્રોત્સાહન આપવા વિવિધ યોજનાઓ શરૂ કરેલ છે જે પૈકી અગત્યની યોજનાઓ નીચે મુજબ છે :

1. <u>પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM)</u>
2. ગ્રીડ કનેક્ટેડ રૂફટોપ સોલાર પ્રોગ્રામ
3. નેશનલ વિન્ડ–સોલાર હાઈબ્રીડ પોલિસી
4. નેશનલ ઓફશોર વિન્ડ એનર્જી પોલિસી

# રેલવે મંત્રાલયે Iron Ore Policy, 2021ને મંજૂરી આપી




કેન્દ્રીય રેલવે મંત્રાલયે તાજેતરમાં <u>**નવી Iron Ore Policy, 2021 (લોહ અયસ્ક નીતિ, 2021)**</u>ને મંજૂરી આપી છે.

- આ નવી નીતિ <u>**10 ફેબ્રુઆરી, 2021**</u>ના રોજ અમલમાં આવશે.
- આયર્ન ઓર પોલિસી દ્વારા લોહ અયસ્કના પરિવહનને નિયંત્રિત કરવામાં આવે છે.

## Iron ore Policy વિશે

આયર્ન ઓર પોલિસી અંતર્ગત <u>**સેન્ટર ફોર રેલવે ઈન્ફોર્મેશન સિસ્ટમ્સ (CRIS) દ્વારા રેક અલોટમેન્ટ સિસ્ટમ મોડ્યુલને અપડેટ**</u> કરવામાં આવશે.

- આ નીતિ અંતર્ગત સ્થાનિક ઉત્પાદન પ્રવૃત્તિ માટે લોખંડના ખનીજોના પરિવહનને અગ્રતા આપવામાં આવશે.

## સેન્ટર ફોર રેલવે ઈન્ફોર્મેશન સિસ્ટમ (CRIS) વિશે

સેન્ટર ફોર રેલવે ઈન્ફોર્મેશન સિસ્ટમ ભારતીય રેલવેની માહિતી પ્રણાલીની રચના, વિકાસ, અમલ અને જાળવણી માટે જવાબદાર છે.

- તેની સ્થાપના <u>**વર્ષ 1986**</u>માં કરવામાં આવી હતી.

## ભારતમાં લોખંડની ખનીજો (Iron ore)

ભારતમાં લોખંડ ખનીજનો કુલ રિકવરેબલ જથ્થો **9,602** મિલિયન ટન <u>**હિમેટાઈટ**</u> અને **3,408** મિલિયન ટન <u>**મેગ્નેટાઈટ**</u> છે.

- ભારતમાં મુખ્ય લોખંડ ખનીજો ધરાવતા રાજ્યોમાં <u>**છત્તીસગઢ**</u>, <u>**કર્ણાટક**</u>, <u>**મધ્યપ્રદેશ**</u>, <u>**ઓડિશા**</u>, <u>**ઝારખંડ**</u>, <u>**મહારાષ્ટ્ર**</u>, <u>**ગોવા**</u>, <u>**કેરલ**</u>, <u>**તમિલનાડુ**</u> અને <u>**રાજસ્થાન**</u>નો સમાવેશ થાય છે.

**ICE FACTS :**

(1) હિમેટાઈટનું રાસાયણિક સૂત્ર '$Fe_2O_3$' છે.

(2) મેગ્નેટાઈટનું રાસાયણિક સૂત્ર '$Fe_3O_4$' છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## TUESDAY Questions

1. ‘કોકબોરોક દિવસ’ ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?
(A) 17 જાન્યુઆરી (B) 18 જાન્યુઆરી (C) 19 જાન્યુઆરી (D) 20 જાન્યુઆરી (C)

2. કોકબોરોક એ કયા રાજ્યની સત્તાવાર ભાષા છે ?
(A) મેઘાલય (B) ત્રિપુરા
(C) અરૂણાચલ પ્રદેશ (D) મિઝોરમ (B)

3. તાજેતરમાં કોના દ્વારા અમદાવાદ–ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેકટના બીજા તબક્કાનું તથા સુરત મેટ્રોરેલ પ્રોજેકટનું વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી વૈંકેયા નાયડુ (D) શ્રી અમિતભાઈ શાહ (A)

4. અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેકટના બીજા તબક્કામાં કુલ કેટલા કોરિડોરનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) 3 (B) 2 (C) 4 (D) 1 (B)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. ‘એરો ઈન્ડિયા 21’ મોબાઈલ એપ્લિકેશન તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવી છે ?
(A) શ્રી પિયૂષ ગોયલ (B) શ્રી હરદિપસિંહ પૂરી
(C) શ્રી નરેન્દ્રસિંહ તોમર (D) શ્રી રાજનાથ સિંહ (D)

6. ‘એરો ઈન્ડિયા’ નામનો દ્વિવાર્ષિક એર શો ભારતના કયા શહેરમાં યોજવામાં આવે છે ?
(A) નવી દિલ્હી (B) વિશાખાપટ્ટનમ
(C) બેંગાલુરૂ (D) પટના (C)

7. ‘એરો ઈન્ડિયા 21’ની થીમ કઈ છે ?
(A) Run away to a Billion Opportunities
(B) Fly in the sky to a Billion Opportunities
(C) Aeroindia for a Billion Opportunities
(D) Let’s do somethig for SKY (A)

8. તાજેતરમાં ‘સક્ષમ’ જાગૃતિ અભિયાન કયા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યું છે ?
(A) કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલય (B) કેન્દ્રીય રેલવે મંત્રાલય
(C) કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી વાયુ મંત્રાલય
(D) કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (C)

9. 'સક્ષમ' જાગૃતિ અભિયાન શેના અંગે જાગરૂકતા ફેલાવવા માટે શરૂ કરવામાં આવી રહયું છે ?

(A) ગ્રીન ઊર્જા (B) સ્વચ્છ ઊર્જા

(C) આરોગ્ય (D) (A) અને (B) બંને **(D)**

10. Iron ore Policy, 2021ને તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવી છે ?

(A) કેન્દ્રીય રેલવે મંત્રાલય

(B) કેન્દ્રીય ખાણ અને માઈનીંગ મંત્રાલય

(C) કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય

(D) કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય **(A)**

11. 'હિમેટાઈટ'નું રાસાયણિક સૂત્ર જણાવો ?

(A) $Fe_2o_3$ (B) $Fe_3o_4$ (C) $Fe_2o_4$ (D) $Fe_3o_5$ **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



# મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન'ની જાહેરાત કરી

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ખાતે પત્રકાર પરિષદ યોજી 'મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન'ની જાહેરાત કરી છે.

- રાજ્ય સરકારે ગુજરાતમાં બાગાયતી અને ઔષધિય પાકોની ખેતીનો વ્યાપ વધારવાના આયોજન સાથે 'મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન'ની જાહેરાત કરી છે.
- પ્રથમ પાઈલોટ પ્રોજેક્ટ તરીકે કચ્છ, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને સુરેન્દ્રનગર સહિતના પાંચ જિલ્લાની બિનઉપજાઉ-બંજર જમીનનો સમાવેશ કરાયો છે.

## 'મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન' વિશે

બિનઉપજાઉ સરકારી પડતર જમીનો 'મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન' હેઠળ પ્રગતિશીલ ખેડૂતો, સક્ષમ વ્યક્તિઓ, સંસ્થાઓ, કંપનીઓ અથવા ભાગીદારી પેઢીને ફાળવી શકાશે.

- બાગાયતી પાકો જેવાં કે ખારેક, આંબા, દાડમ, જામફળ, સીતાફળ, બોર, આંમળા વગેરે અને ઔષધિય પાકોના ક્લસ્ટર ઊભા કરીને પડતર જમીનોને ઉપજાવ બનાવવામાં આવશે.
- શરૂઆતમાં ઉપરોક્ત પાંચ જિલ્લાની આશરે 20 હજાર હેક્ટર અર્થાત્ 50 હજાર એકર બિનઉપજાઉ જમીનો કોર્પોરેટ હાઉસિસ, મોટા ખેડૂતો તથા સંસ્થાઓને બાગાયતી ખેતી માટે ભાડાપટ્ટે આપવાની જાહેરાત કરવામાં આવી છે.
- 'મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન' અંતર્ગત નિશ્ચિત કરેલી સરકારી જમીનો પહેલાં પાંચ વર્ષ વિનામૂલ્યે ઉપજાઉ બનાવવા માટે અને એ પછી 30 વર્ષ માટે લીઝથી આપવામાં આવશે.
- આ માટે પ્રોજેક્ટ દીઠ જમીનનું ક્ષેત્રફળ 125 એકરથી 1,000 એકર (50 હેક્ટરથી 400 હેક્ટર) સુધી રહેશે. સમગ્ર રાજ્યમાં આવી અંદાજીત 50 હજાર એકર જમીનોને 30 વર્ષની લીઝ ઉપર ફાળવણી કરાશે.
- મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશનના પ્રથમ તબક્કામાં જે પાંચ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તે જિલ્લાના કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાની સમિતિ જિલ્લાઓમાં ઉપલબ્ધ બિન ઉપજાઉ સરકારી પડતર જમીન પૈકી ફાળવવાપાત્ર જમીનના બ્લોક–સર્વે નંબરોની ઓળખ કરી જિલ્લા કક્ષાએ પસંદગી યાદી તૈયાર કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ જમીનની યાદી **'આઈ-ખેડૂત' પોર્ટલ** પર જાહેર કરવામાં આવશે.
- જે જમીનમાં **બાગાયતી કે ઔષધિય પાકો**ની ખેતી કરવા માંગતા હોય તે જમીન ભાડાપટ્ટે મેળવવા અરજદારે પોતાના જમીન વપરાશના આયોજન સાથે **'આઈ-ખેડૂત' પોર્ટલ** પર અરજી કરી શકશે.
- અરજદાર તરફથી ઓનલાઈન મળતી દરખાસ્તની રાજ્યકક્ષાની ટેકનીકલ સમિતિ ચકાસણી કરશે અને રાજ્યકક્ષાની ઉચ્ચ સ્તરીય સમિતિને ભલામણ માટે મોકલશે.
- જમીન લીજ પર ફાળવવાનો અંતિમ નિર્ણય **મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતા**માં રચાનારી **9 સભ્યોની ઉચ્ચ સ્તરીય સમિતિ** કરશે.

## ભારત અને ફ્રાન્સ વચ્ચે 'એકસ ડેઝર્ટ નાઈટ 21' કવાયતનું આયોજન

20 જાન્યુઆરી, 2021થી 24 જાન્યુઆરી, 2021 દરમિયાન ભારત અને ફ્રાન્સ વચ્ચે **'એકસ ડેઝર્ટ નાઈટ 21'**નું આયોજન કરવામાં આવ્યું છે.

- આ **દ્વિપક્ષીય કવાયત**નું આયોજન **ભારતીય વાયુસેના**, **ફ્રેન્ચવાયુ સેના** અને **અવકાશ દળ** વચ્ચે કરવામાં આવ્યું છે.
- એકસ ડેઝર્ટ નાઈટ 21નું આયોજન **રાજસ્થાન**ના **જોધપુર** ખાતે કરવામાં આવ્યું છે.
- **રાફેલ ફાઈટર જેટ્સ** આ કવાયતમાં ભાગ લઈ રહયા છે.

### પૃષ્ઠ ભૂમિ

ભારત–ફ્રેન્ચ સંરક્ષણ સહકાર હેઠળ, **ભારતીય વાયુસેના** અને **ફ્રેન્ચ વાયુસેના** વચ્ચે અત્યાર સુધીમાં **6 'ગરુડ'** નામની **હવાઈ કવાયત**નું આયોજન કરવામાં આવ્યું છે.

- આ પૈકી છેલ્લી ગરુડ કવાયતનું આયોજન **વર્ષ 2019**માં **ફ્રાન્સ** ખાતે કરવામાં આવ્યું હતું.
- ગરુડ શ્રેણીની કવાયત ઉપરાંત એકસ ડેઝર્ટ નાઈટ 21 હવાઈ કવાયતનું આયોજન કરવામાં આવ્યું છે.

### એકસ ડેઝર્ટ નાઈટ 21 વિશે

એકસ ડેઝર્ટ નાઈટ 21 હવાઈ કવાયતનો મુખ્ય ઉદ્દેશ બંને દેશો વચ્ચે હવાઈ દળોનું સમન્વય સાધી જ્ઞાન અને અનુભવોનું આદાન–પ્રદાન કરવાનો છે. આનાથી બંને દેશો વચ્ચેના સુરક્ષા સંબંધોને પ્રોત્સાહન મળશે.

- ભારત વતી આ કવાયતમાં SU-30 MKI, મિરાજ 2000 અને IL-78 ફ્લાઈટ રીફ્યુલિંગ એરક્રાફ્ટ ભાગ લેશે તેમજ ફ્રાન્સનું પ્રતિનિધિત્વ આ કવાયતમાં રાફેલ ફાઈટર જેટ્સ, મલ્ટી રોલ ટેન્કર ટ્રાન્સપોર્ટ અને લગભગ 175 જેટલા કર્મીઓ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત અને ફ્રાન્સ વચ્ચેની નિયમિત સંરક્ષણ કવાયતો

ભારત અને ફ્રાન્સના સૈન્ય દ્વારા વિવિધ કવાયતોનું આયોજન કરવામાં આવે છે જે નીચે મુજબ છે :

| ક્રમ | અભ્યાસ/કવાયતનું નામ | દેશો | સેના/સૈન્ય |
|---|---|---|---|
| 1 | શક્તિ | ભારત–ફ્રાન્સ | ભૂમિદળ |
| 2 | વરૂણ | ભારત–ફ્રાન્સ | નૌકાદળ |
| 3 | ગરુડ | ભારત–ફ્રાન્સ | વાયુદળ |

## ભારત-ફ્રાન્સ સંબંધો

ભારત–ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીના ત્રણ મુખ્ય સ્તંભો **અવકાશ, સંરક્ષણ** અને **સિવિલ ન્યુક્લિયર કોઓપરેશન** છે.

- ફ્રાન્સ સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં ભારતના કાયમી સભ્યપદનું સતત સમર્થન કરી રહ્યું છે.
- ફ્રાન્સ **મિસાઈલ ટેક્નોલોજી કંટ્રોલ રિજીમ (MTCR), વાસેનાર અરેન્જમેન્ટ, ઓસ્ટ્રેલિયા ગ્રૂપ** અને **ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રૂપ (NSG)**માં પણ ભારતની સદસ્યતા માટે સતત સમર્થન કરી રહયો છે.
- ભારત **વાસેનાર અરેન્જમેન્ટના 42માં સભ્ય** તરીકે જોડાયો છે. **વર્ષ 2018**માં **ભારત મિસાઈલ ટેક્નોલોજી કંટ્રોલ રિજીમનો સભ્ય** બન્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## DRDO દ્વારા વિકસાવવામાં આવેલ 'રક્ષિતા' નામની બાઈક એમ્બ્યુલન્સ CRPFમાં સામેલ કરવામાં આવી

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) અંતર્ગત સંચાલિત **ઈન્સ્ટિટયૂટ ઓફ ન્યુક્લિયર એન્ડ એલાયસ સાયન્સ (INMAS)** દ્વારા આ બાઈક એમ્બ્યુલન્સ **'રક્ષિતા'** વિકસાવવામાં આવી છે.

- આ બાઈક એમ્બ્યુલન્સનો તાજેતરમાં સેન્ટ્રલ રિઝર્વ પોલિસ ફોર્સ (CRPF)માં સમાવેશ કરવામાં આવ્યો છે.
- **દૂરસ્થ ક્ષેત્રોમાં આપાતકાલીન સ્વાસ્થ્ય સેવા** દરમિયાન આ બાઈક એમ્બ્યુલન્સ CRPFને મદદરૂપ થશે. તે **નકસલ** તેમજ **ઉગ્રવાદ પ્રભાવિત ક્ષેત્ર**માં ઈજા પામેલ જવાનોને સ્થળાંતર કરવામાં મદદ કરશે.
- **રોયલ એનફિલ્ડ**ના આધારે આ બાઈક એમ્બ્યુલન્સ વિકસાવવામાં આવી છે.

## ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) વિશે

DRDOની સ્થાપના વર્ષ 1958માં કરવામાં આવી હતી.

- તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- DRDO કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- તેના વર્તમાન અધ્યક્ષ શ્રી જી. સતિશ રેડ્ડી છે.
- તે ભારતીય સશસ્ત્ર દળોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે મહત્ત્વપૂર્ણ ઉત્પાદનો માટે જવાબદાર છે.

## સેન્ટ્રલ રિઝર્વ પોલિસ ફોર્સ (CRPF) વિશે

CRPFની સ્થાપના 27 જુલાઈ, 1939ના રોજ કરવામાં આવી હતી.

- તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- CRPFનું આદર્શ વાક્ય 'સેવા અને નિષ્ઠા (Service and Loyalty)' છે.
- તે કેન્દ્રીય ગૃહમંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## WEDNESDAY Questions

1. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં કયા સ્થળેથી તાજેતરમાં 'મુખ્યમંત્રી બાગાયતી વિકાસ મિશન'ની જાહેરાત કરી હતી ?
(A) અમદાવાદ (B) રાજકોટ (C) ગાંધીનગર (D) જૂનાગઢ **(C)**

2. 'મુખ્યમંત્રી બાગાયતી વિકાસ મિશન' વિશે સાચું વિધાન/વિધાનો ચકાસો ?
1. પ્રથમ પાઈલોટ પ્રોજેક્ટ તરીકે આ યોજના અંતર્ગત ગુજરાતના પાંચ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
2. આ યોજના અંતર્ગત નિશ્ચિત કરેલી સરકારી જમીનો પહેલાં પાંચ વર્ષ વિનામૂલ્યે ઉપજાઉ બનાવવા માટે અને એ પછી 30 વર્ષ માટે લીઝથી આપવામાં આવશે.
3. આ યોજના અંતર્ગત પ્રોજેક્ટ દીઠ જમીનનું ક્ષેત્રફળ 125 એકરથી 1,000 એકર સુધી રહેશે.
4. આ યોજના અંતર્ગત ફાળવવામાં આવતી જમીન 'આઈ–ખેડૂત' પોર્ટલ પર જાહેર કરવામાં આવશે.
5. જમીન લીઝ પર ફાળવવાનો અંતિમ નિર્ણય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં રચાનારી 9 સભ્યોની ઉચ્ચસ્તરીય સમિતિ કરશે.
(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 1, 2, 3, 4, 5 (D) 2, 3, 4, 5 **(C)**

3. 'એક્સ ડેઝર્ટ નાઈટ 21' કવાયતનું આયોજન કયા દેશ સાથે કરવામાં આવી રહ્યું છે ?
(A) ફ્રાન્સ (B) રશિયા (C) ઈઝરાયેલ (D) અમેરિકા **(A)**

4. 'એક્સ ડેઝર્ટ નાઈટ 21' કવાયતનું આયોજન કયા કરવામાં આવ્યું છે ?
(A) જોધપુર (B) જયપુર (C) ગ્વાલિયર (D) વિશાખાપટ્ટનમ **(A)**

5. ભારત અને ફ્રાન્સ વચ્ચે થતી નૌકાદળ કવાયતનું નામ જણાવો ?
(A) શક્તિ (B) વરૂણ (C) ગરૂડ (D) સિમ્બેક્સ **(B)**

6. ભારત અને ફ્રાન્સ વચ્ચે થતી વાયુદળની કવાયતનું નામ જણાવો ?
(A) શક્તિ (B) વરૂણ (C) ગરૂડ (D) સિમ્બેક્સ **(C)**

7. ભારત વાસેનાર અરેન્જમેન્ટમાં કેટલામાં સભ્ય તરીકે જોડાયો હતો ?
(A) 41 (B) 43 (C) 44 (D) 42 **(D)**

8. તાજેતરમાં CRPFમાં સામેલ થયેલ 'રક્ષિતા' નામની બાઈક એમ્બ્યુલન્સ કોના દ્વારા વિકસાવવામાં આવી છે ?
(A) ISRO (B) BARC (C) DRDO (D) SAIL **(C)**

9. તાજેતરમાં DRDO દ્વારા વિકસાવવામાં આવેલ 'રક્ષિતા' શું છે ?
(A) એક ફ્રિગેટ છે (B) નેવલ શિપ
(C) બંદૂક (D) બાઈક એમ્બ્યુલન્સ **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમેરિકાના 46મા રાષ્ટ્રપતિ તરીકે શ્રી જો બાઈડેને શપથ લીધા




20 જાન્યુઆરી, 2021ના રોજ અમેરિકાની સંસદ વૉશિંગ્ટન ખાતે આયોજીત કરાયેલા 59મા શપથગ્રહણ સમારોહમાં ડેમોક્રેટ પાર્ટીના શ્રી જો બાઈડેને અમેરિકાના 46મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા.

- શ્રી બાઈડેનની સાથે અમેરિકાના પ્રથમ મહિલા વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ભારતીય- આફ્રિકન મૂળના સુશ્રી કમલા હેરિસે 49મા વાઈસ પ્રેસિડેન્ટ તરીકે શપથ લીધા હતા.
- વર્ષ 2021માં અમેરિકાના રાષ્ટ્રપતિના શપથ સમારોહની થીમ 'અમેરિકા યુનાઈટેડ' રાખવામાં આવી હતી.
- અમેરિકાના રાષ્ટ્રપતિના શપથગ્રહણ સમારોહનું આયોજન વૉશિંગ્ટન ડી.સી. ખાતે આવેલા યુએસ કેપિટોલ બિલ્ડિંગ ખાતે કરવામાં આવ્યું હતું. આ શપથગ્રહણ સમારોહ વખતે વિદાય લઈ રહેલા રાષ્ટ્રપ્રમુખ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ ગેરહાજર રહયા હતા.
- શપથ સમારોહના પ્રારંભ વખતે અમેરિકાના રાષ્ટ્રગીતનું ગાયન સુશ્રી લેડી ગાગાએ કર્યું હતું.
- જસ્ટિસ સોનિયા સોટોમાયોરે કમલા હેરિસને અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ પદના શપથ લેવડાવ્યા હતા.
- અમેરિકાના ચીફ જસ્ટિસ જ્હોન રોબર્ટ્સે શ્રી જો બાઈડેનને પ્રમુખપદના શપથ ગ્રહણ કરાવ્યા હતા.
- શ્રી જો બાઈડેને 127 વર્ષ જૂના પાંચ ઈંચની જાડાઈ ધરાવતા બાઈબલ પર હાથ મૂકીને શપથ લીધા હતા. શ્રી જો બાઈડેનના પત્નિ અને અમેરિકાના ફર્સ્ટ લેડી જિલ ટ્રેસી બાઈડેન આ શપથ સમારોહમાં ઉપસ્થિત રહયા હતા.
- 78 વર્ષની ઉંમરે શ્રી જો બાઈડેને અમેરિકી રાષ્ટ્રપ્રમુખ પદના શપથ લીધા હતા. આ સાથે જ તેઓ સૌથી વધુ ઉંમરના અમેરિકી રાષ્ટ્રપ્રમુખ બન્યા છે.
- શ્રી જો બાઈડેને શપથગ્રહણ બાદ તરત જ રાષ્ટ્રપતિ તરીકે પોતાનું પહેલું સંબોધન કર્યું હતું. આ ઐતિહાસિક સંબોધન ભારતીય મૂળના અમેરિકી શ્રી વિનય રેડ્ડીએ તૈયાર કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમેરિકાના રાષ્ટ્રપતિ પદનો કાર્યકાળ

અમેરિકામાં દર 4 વર્ષે રાષ્ટ્રપતિ ચૂંટણીનું આયોજન થાય છે.

- જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે કોઈ વ્યક્તિ **વધુમાં વધુ બે ટર્મ** માટે એટલે કે **8 વર્ષ સુધી જ** ચૂંટાઈ શકે છે.

## અમેરિકન રાષ્ટ્રપતિની નિમણૂક

અમેરિકાના રાષ્ટ્રપતિની નિમણૂક **'ઈલેક્ટ્રોરલ કોલેજ'** ચૂંટણી પદ્ધતિના આધારે કરવામાં આવે છે.

- અમેરિકાના રાષ્ટ્રપતિ પદ માટેની આ ચૂંટણીમાં અમેરિકાના 50 રાજ્યો તથા રાજધાની વોશિંગ્ટન ડી.સી.માં કુલ 538 ઈલેકટોરલ વોટ માટે અથવા તો ઈલેક્ટ્રોરલ કોલેજના 538 સભ્યો માટે મતદાન થયુ હતું.
- અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા માટે **270 ઈલેકટોરલ વોટ** મેળવવા જરૂરી છે.

## અમેરિકાના રાષ્ટ્રપતિને શપથ કોણ અપાવે છે ?

**અમેરિકાના ચીફ જસ્ટિસ** અમેરિકાના રાષ્ટ્રપતિને શપથ અપાવે છે.

## અમેરિકાના રાષ્ટ્રપતિનો પગાર

અમેરિકાના રાષ્ટ્રપતિનો પગાર વાર્ષિક **4 લાખ ડોલર** હોય છે.

## અમેરિકાના રાષ્ટ્રપતિનું નિવાસ સ્થળ

અમેરિકાના રાષ્ટ્રપતિનું નિવાસસ્થળ **વોશિંગ્ટન ડી.સી.** ખાતે આવેલું **'વ્હાઈટ હાઉસ'** છે.

## અમેરિકાના રાષ્ટ્રપતિને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા

અમેરિકાના બંધારણના **અનુચ્છેદ 2(4)** અંતર્ગત અમેરિકાના રાષ્ટ્રપતિને **મહાભિયોગની પ્રક્રિયા** દ્વારા તેમના પદ પરથી હટાવી શકાય છે.

- અમેરિકાના રાષ્ટ્રપતિ પર મહાભિયોગ દેશદ્રોહ, ભ્રષ્ટાચાર અને ઘોર અપરાધના કિસ્સામાં જ લાગુ કરી શકાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE FACTS :**

(1) અમેરિકાના **પ્રથમ** રાષ્ટ્રપતિ **શ્રી જ્યોર્જ વોશિંગ્ટન** હતા.

(2) અમેરિકામાં આજ સુધી એકપણ મહિલા અમેરિકાના રાષ્ટ્રપતિ પદે ચૂંટાઈ આવ્યા નથી.

## નીતિ આયોગ દ્વારા 'ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેકસ 2020' જાહેર કરવામાં આવ્યો

તાજેતરમાં **નીતિ આયોગ** દ્વારા **ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેકસની બીજી આવૃત્તિ** લોન્ચ કરવામાં આવી હતી.

- **નીતિ આયોગના ઉપાધ્યક્ષ શ્રી ડો. રાજીવ કુમાર** દ્વારા ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેકસ 2020ની આવૃત્તિ લોન્ચ કરવામાં આવી હતી.
- ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેકસ 2020માં મુખ્ય રાજ્યોની શ્રેણીમાં **કર્ણાટકે ટોચનું સ્થાન** જાળવી રાખ્યું છે.
- **પર્વતાળ અને ઉત્તર-પૂર્વીય રાજ્યો**ની શ્રેણીમાં **હિમાચલપ્રદેશ ટોચ** પર રહયું છે તેમજ **કેન્દ્રશાસિત પ્રદેશ** અથવા **નાના રાજ્યો**ની શ્રેણીમાં **દિલ્હી ટોચ** પર રહયું છે.

### ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેકસ વિશે

ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેકસએ **ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેકસ (GII)**ની તર્જ પર વિકસાવવામાં આવ્યો છે.

- ભારતીય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં નવીન ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે નીતિ આયોગ દ્વારા ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેકસને વિકસાવવામાં આવ્યો છે.
- ઈન્ડિયા ઈનોશન ઈન્ડકેસને **ત્રણ કેટેગરીમાં** વહેંચવામાં આવે છે જે નીચે મુજબ છે :

1. મુખ્ય રાજ્યો
2. કેન્દ્ર શાસિત પ્રદેશો
3. પર્વતાળ અને ઉત્તર–પૂર્વીય રાજ્યો

### ઈન્ડિયા ઈનોવેશન 2020 અંતર્ગત ટોચના મુખ્ય રાજ્યો

ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેકસ 2020 અંતર્ગત ટોચના રાજ્યો નીચે મુજબ છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| રેન્ક | મુખ્ય રાજ્યો | સ્કોર |
|---|---|---|
| 1 | કર્ણાટક | 42.5 |
| 2 | મહારાષ્ટ્ર | 38.03 |
| 3 | તમિલનાડુ | 37.91 |
| 4 | તેલંગાણા | 33.23 |
| 5 | કેરલ | 30.58 |
| 6 | હરિયાણા | 25.81 |
| 7 | આંધ્રપ્રદેશ | 24.19 |
| 8 | ગુજરાત | 23.63 |
| 9 | ઉત્તરપ્રદેશ | 22.85 |
| 10 | પંજાબ | 22.54 |

- મુખ્ય રાજ્યોની શ્રેણીમાં ઝારખંડ, છત્તીસગઢ અને બિહારનો ક્રમાંક છેલ્લે રહયો છે.

## પર્વતાળ અને ઉત્તર-પૂર્વના ટોચના રાજ્યો

ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સ મુજબ પર્વતાળ અને ઉત્તર–પૂર્વના ટોચના રાજ્યો નીચે મુજબ છે :

1. હિમાચલપ્રદેશ
2. ઉત્તરાખંડ
3. મણિપુર
4. સિક્કિમ

## કેન્દ્રશાસિત પ્રદેશોમાં ટોચના ક્રમો

ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સ 2020 અનુસાર **કેન્દ્રશાસિત પ્રદેશોની શ્રેણીમાં 46.6**ના સ્કોર સાથે **દિલ્હી ટોચ** પર રહયું છે.

- જ્યારે આ શ્રેણીમાં **લક્ષદ્વિપ સૌથી છેલ્લે** રહ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સ બહાર પાડવા ઉપયોગમાં લેવાતા પરિમાણો

ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સ બહાર પાડવા માટે વિવિધ પરિમાણોનો ઉપયોગ કરવામાં આવે છે જે નીચે મુજબ છે :

- PhD વિદ્યાર્થીઓની સંખ્યા અને જ્ઞાનના આધારે રોજગાર
- એન્જિનિયરીંગ અને તકનીકીમાં પ્રવેશ અને ઉચ્ચ કુશળ વ્યાવસાયિકોની સંખ્યા
- રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં રોકાણ, ફાઈલ કરેલ પેટન્ટની સંખ્યા અને ટ્રેડમાર્ક અરજીઓ
- ઈન્ટરનેટ સબસ્ક્રાઈબર્સ
- સીધા વિદેશ રોકાણનો પ્રવાહ
- વ્યાવસાયિક અને કાનૂની વાતાવરણ

**ICE FACTS :**

(1) ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સની પ્રથમ આવૃત્તિ ઓક્ટોબર 2019માં લોન્ચ કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## WE hubએ i -hub સાથે પાર્ટરશિપની જાહેરાત કરી

વુમન એન્ટપ્રિન્યોર હબએ (WE-હબ) તાજેતરમાં i-હબ સાથે ભાગીદારીની જાહેરાત કરી છે.

- i-hub ગુજરાત સરકાર હેઠળ કાર્યરત છે. તેમજ WE-hub તેલંગાણા સરકાર હેઠળ કાર્યરત છે.

### WE-hub વિશે

WE-hub એટલે વુમન એન્ટરપ્રિન્યોર હબ. તે તેલંગાણા સરકાર અંતર્ગત સંચાલિત છે.

- તે એક સ્ટાર્ટઅપ ઈનક્યુબેટર છે. તે મહિલા ઉદ્યમીઓને તેમના વ્યવસાયમાં વૃદ્ધિ માટે વાતાવરણ પૂરું પાડે છે.
- તે ઉભરતા ક્ષેત્રોમાં મહિલા ઉદ્યમીઓને ધ્યાન કેન્દ્રીત કરવા માટે મદદ કરે છે.
- WE-hubનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓ માટે આર્થિક અને સામાજિક અવરોધોને દૂર કરવાનો છે.

## i-hub વિશે

**i-hub**એ **સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ** અને **ઈનોવેશન હબ** છે.

- તેનું લક્ષ્ય ગુજરાત રાજ્યમાં ઈનોવેશન અને એન્ટરપ્રિન્યોર ઈકોસિસ્ટમને વિકસાવવાનો છે.
- ઉપરાંત, તે ભાવિ અને અદ્યતન તકનીકી પ્રયોગશાળાઓ, તકનીકી વ્યાવસાયિક માર્ગદર્શન, નેટવર્કિંગ અને નિયમનકારી અને સલાહકારી સેવાઓ જેવી સુવિધાઓ પ્રદાન કરે છે.
- તે ગુજરાતની **સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી** હેઠળ બનાવવામાં આવી હતી.

## સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) વિશે

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસીનો ઉદ્દેશ વિદ્યાર્થીઓના નેતૃત્વવાળા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવાનો છે. તેના અંતર્ગત વિદ્યાર્થીઓને શિક્ષણ સંસ્થાઓમાં એક મંચ પ્રદાન કરવામાં આવશે.

- આ બંને હબ **સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશન**ના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે બનાવવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશન વિશે

સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશનની જાહેરાત **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 ઓગસ્ટ, 2015**ના રોજ **લાલ કિલ્લા** ખાતેથી કરી હતી.

- તેમજ **'સ્ટાર્ટઅપ ઈન્ડિયા'**નું લોન્ચિંગ **16 જાન્યુઆરી, 2016**ના રોજ કરવામાં આવ્યું હતું.
- આ મિશન **કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય** અંતર્ગત કાર્યરત છે.
- દેશમાં **75 સ્ટાર્ટઅપ સપોર્ટ હબ** વિકસાવવા માટે તે રજૂ કરવામાં આવી હતી.

**ICE FACTS :**

(1) **સ્ટાર્ટઅપ ઈન્ડિયા રેન્કિંગ 2019** મુજબ **ગુજરાત સમગ્ર દેશમાં શ્રેષ્ઠ પ્રદર્શન** કરનાર રાજ્ય હતું.

1. તાજેતરમાં શ્રી જો બાઈડેને કેટલામાં અમેરિકી રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે ?

(A) 46 (B) 45 (C) 44 (D) 43 **(A)**

2. તાજેતરમાં શ્રી જો બાઈડેને કેટલામાં શપથગ્રહણ સમારોહમાં અમેરિકાના 46મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે ?

(A) 46 (B) 56 (C) 59 (D) 60 **(C)**

3. તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ તથા ઉપરાષ્ટ્રપતિ પદનો શપથ સમારોહ યોજાયો હતો. તે સંદર્ભે સાચા વિધાન/વિધાનો જણાવો ?

1. ભારતીય–આફ્રિકન મૂળના સુશ્રી કમલા હેરિસે અમેરિકાના 49મા ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા.
2. આ શપથ સમારોહની થીમ 'અમેરિકા યુનાઈટેડ' રાખવામાં આવી હતી.
3. શપથ સમારોહના પ્રારંભ વખતે અમેરિકાના રાષ્ટ્રગીતનું ગાયન સુશ્રી લેડી ગાગાએ કર્યું હતું.
4. જસ્ટિસ સોનિયા સોટોમાયોરે કમલા હેરિસને અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ પદના શપથ લેવડાવ્યા હતા.
5. અમેરિકાના ચીફ જસ્ટિસ જ્હોન રોબટર્સે શ્રી જો બાઈડેનને પ્રમુખપદના શપથ ગ્રહણ કરાવ્યા હતા.

(A) 1, 3, 5 (B) 1, 2, 3, 4, 5 (C) 1, 2, 4, 5 (D) 2, 3, 4, 5 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. શ્રી જો બાઈડેને શપથગ્રહણ કર્યા બાદ તરત જ રાષ્ટ્રપતિ તરીકે પોતાનું પ્રથમ સંબોધન કર્યું હતું. આ ઐતિહાસિક સંબોધન કયા ભારતીય દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું ?

(A) શ્રી વિનય રેડ્ડી (B) શ્રી વિનય તોમર

(C) શ્રી અર્જુન રેડ્ડી (D) શ્રી સિદ્ધાર્થ કપૂર **(A)**

5. નીતિ આયોગના 'ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સ 2020' વિશે ખોટું વિધાન જણાવો ?

(A) ઈન્ડિયા ઈનોવેશન ઈન્ડેક્સની તે ત્રીજી આવૃતિ છે.

(B) મુખ્ય રાજ્યોની શ્રેણીમાં તેમાં કર્ણાટક ટોચના સ્થાને રહયું છે.

(C) પર્વતાળ અને ઉત્તર–પૂર્વના રાજ્યોની શ્રેણીમાં હિમાચલપ્રદેશ ટોચ પર રહયું છે.

(D) ગુજરાત આ ઈન્ડેક્સ અંતર્ગત 8મા ક્રમાંકે રહયું છે. **(A)**

**6.** **WE-hub એ કયા રાજ્યની પહેલ છે ?**

(A) ગુજરાત (B) તેલંગાણા (C) કર્ણાટક (D) આંધ્રપ્રદેશ **(B)**

**7.** **i-hubએ કયા રાજ્ય સરકારની પહેલ છે ?**

(A) ગુજરાત (B) તેલંગાણા (C) કર્ણાટક (D) આંધ્રપ્રદેશ **(A)**

**8.** **'સ્ટાર્ટઅપ ઈન્ડિયા મિશન' કયા મંત્રાલય અંતર્ગત કાર્યરત છે ?**

(A) કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય

(B) કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલય

(C) કેન્દ્રીય ગૃહ મંત્રાલય

(D) કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય **(D)**

**9.** **સ્ટાર્ટઅપ ઈન્ડિયા રેન્કિંગ 2019 મુજબ સમગ્ર દેશમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય કર્યું છે ?**

(A) કર્ણાટક (B) મહારાષ્ટ્ર (C) ગુજરાત (D) તેલંગાણા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ઈફ્કો વિશ્વની નંબર-વન સહકારી કંપની જાહેર કરવામાં આવી

ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ (ICA) દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કો-ઓપરેટિવ લિમિટેડે (IFFCO) વિશ્વની ટોચની 300 સહકારી કંપનીઓમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

- તેમજ IFFCO ફોર્ચ્યુન 500 કંપનીઓની યાદીમાં 65મા સ્થાન પર પહોંચી ગઈ છે.
- ઈફકો દેશમાં 36,000થી વધારે સભ્ય સહકારી મંડળીઓ ધરાવે છે.
- આ જૂથનું ટર્નઓવર લગભગ 7 અબજ ડોલરનું છે.
- નોંધનીય છે કે આ રેન્કિંગ માથાદીઠ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) પર ટર્ન ઓવરના રેશિયા પર આધારિત હોય છે.

### ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર્સ કોઓપરેટિવ (IFFCO) વિશે

ઈફકોનું પૂરું નામ 'ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર્સ કો-ઓપરેટિવ લિમિટેડ' છે.

- ઈફકોની સ્થાપના 3 નવેમ્બર, 1967ના રોજ કરવામાં આવી હતી.
- ઈફકોનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- આ કંપની વિશ્વમાં ખાતર અને એગ્રો કેમિકલ ક્ષેત્રમાં વિશ્વની નંબર એક કંપની છે.
- ગુજરાતમાં ઈફકોના પ્લાન્ટ કલોલ (ગાંધીનગર) અને કંડલા (કચ્છ) ખાતે આવેલા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્ટારસ્ટ્રીક એર ડિફેન્સ સિસ્ટમ માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર

ફ્રેન્ચ મલ્ટીનેશનલ કંપની થેલ્સ ભારત સરકારના એન્ટરપ્રાઈઝ ભારત ડાયનામિક્સ લિમિટેડ સાથે સ્ટારસ્ટ્રીક એર ડિફેન્સ સિસ્ટમ પર સંયુક્ત રીતે કાર્ય કરશે.

### સ્ટાર સ્ટ્રીક એર ડિફેન્સ સિસ્ટમ વિશે

સ્ટાર સ્ટ્રીક એર ડિફેન્સ સિસ્ટમએ શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ છે.

- અગાઉ તે 'શોર્ટ્સ મિસાઈલ સિસ્ટમ' તરીકે ઓળખાતી હતી.
- તે 3 મેકની ઝડપે ગતિ કરે છે. એટલે કે  આ મિસાઈલની ગતિ ધ્વનિની ગતિ કરતા ત્રણ ગણી છે.
- સ્ટારસ્ટ્રીક મિસાઈલ બ્રિટીશ આર્મીમાં વર્ષ 1997થી સેવા આપી રહી છે.

- આ સિસ્ટમની <u>**ઓછામાં ઓછી રેન્જ 0.3 કિ.મી.**</u> છે. અને <u>**વધુમાં વધુ રેન્જ 7 કિ.મી.**</u> છે.
- સ્ટારસ્ટ્રીક સિસ્ટમ IIની રેન્જ 7 કિ.મી. કરતા વધારે રાખવામાં આવી છે.
- સ્ટારસ્ટ્રીક સિસ્ટમની અન્ય શ્રેણી એર ટુ એર સુવિધા ધરાવે છે જેમાં મિસાઈલને હેલિકોપ્ટરમાંથી ફાયર કરી શકાય છે.
- આ મિસાઈલ <u>**ત્રણ લેસર ગાઈડ ડાર્ટની**</u> બનેલી છે. સામાન્ય રીતે કોઈ મિસાઈલ સિસ્ટમમાં ફકત એક જ લેસર ગાઈડ ડાર્ટ હોય છે. બીજી બાજુ, સ્ટારસ્ટ્રીક સિસ્ટમમાં ત્રણ લેસર ગાઈડ ડાર્ટ હોય છે. જે મિસાઈલની લક્ષ્ય સ્થાન સુધી પહોંચવાની ચોકસાઈમાં વધારો કરે છે.

## ગ્લોબલ ફાયરપાવર ઈન્ડેકસ, 2021માં ભારતે ચોથો ક્રમાંક મેળવ્યો

ગ્લોબલ ફાયરપાવર ઈન્ડેકસમાં વિવિધ દેશોને તેમની સંભવિત સૈન્ય શક્તિના આધારે સ્થાન આપવામાં આવે છે.

- <u>**ગ્લોબલ ફાયરપાવર ઈન્ડેકસ, 2021**</u>માં ભારત ચોથા ક્રમાંકે રહયું છે.
- આ ઈન્ડેકસ અંતર્ગત તાજેતરમાં <u>**138 દેશોને સ્થાન**</u> આપવામાં આવ્યું છે.
- વિવિધ દેશોનું મૂલ્યાંકન લાંબા સમય સુધી આક્રમક અને રક્ષણાત્મક સૈન્ય અભિયાનોના આધારે કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રેન્કિંગ આધારિત વિવિધ દેશોની સૈન્ય શક્તિ

ગ્લોબલ ફાયરપાવર ઈન્ડેકસ, 2021 અંતર્ગત વિવિધ દેશોની સૈન્ય શકિત નીચે મુજબ છે :

- અમેરિકાએ 904 એટેક હેલિકોપ્ટર અને અગિયાર વિમાનવાહક જહાજો સાથે આ ઈન્ડેકસમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. ઉપરાંત, અમેરિકા પાસે 68 સબમરિનો અને 40,000 સશસ્ત્ર લડાઈ વાહનો છે.
- રશિયા આ ઈન્ડેકસ અનુસાર બીજા ક્રમાંકે છે. રશિયા પાસે 189 ફાઈટર એરક્રાફ્ટ્સ અને 538 લડાકુ હેલિકોપ્ટર્સ છે. તેમજ તેની પાસે 13,000 ટેંકો અને 64 સબમરિનો છે.
- ચીન આ ઈન્ડેકસમાં ત્રીજા ક્રમાંકે છે. તેમજ ચીન પાસે 1,200 કોમ્બેટ એરક્રાફ્ટ્સ અને 327 લડાકુ હેલિકોપ્ટર્સ છે. તેમજ 79 સબમરિનો અને 35,000 સશસ્ત્ર લડાઈ વાહનો છે.
- આ યાદીમાં જાપાન પાંચમા ક્રમાંકે અને દક્ષિણ કોરિયા છટ્ઠા ક્રમાંકે રહયું છે.

## ગ્લોબલ ફાયરપાવર ઈન્ડેક્સ, 2021 અનુસાર ટોચના દેશો

ગ્લોબલ ફાયર પાવર ઈન્ડેક્સ, 2021 અનુસાર ટોચના દેશો નીચે મુજબ છે :

1. અમેરિકા
2. રશિયા
3. ચીન
4. ભારત
5. જાપાન
6. દક્ષિણ કોરિયા

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં કઈ ભારતીય કંપનીને વિશ્વની નંબર વન કંપની જાહેર કરવામાં આવી હતી ?
(A) ઈફકો (B) અમૂલ (C) KRIBHCO (D) વસુંધરા ડેરી (A)

2. ઈફકોએ ફોર્ચ્યુન 500 કંપનીઓની યાદીમાં તાજેતરમાં કેટલામું સ્થાન મેળવ્યું છે ?
(A) 51 (B) 65 (C) 77 (D) 87 (B)

3. ઈફકોના પ્લાન્ટ ગુજરાતમાં કયા સ્થળ પર આવેલા છે ?
(A) કલોલ (B) કંડલા
(C) (A) અને (B) (D) (A) અને (B) એક પણ નહીં (C)

4. સ્ટારસ્ટ્રીક એર ડિફેન્સ સિસ્ટમ માટે ભારતે કયા દેશ સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે ?
(A) ઈઝરાયેલ (B) જાપાન (C) સાઉથ કોરિયા (D) ફ્રાન્સ (D)

5. ફ્રેન્ચ મલ્ટીનેશનલ કંપની થેલ્સ ભારત સરકારના કયા એન્ટરપ્રાઈઝ સાથે મળીને કાર્ય કરી સ્ટારસ્ટ્રીક એર ડિફેન્સ સિસ્ટમનો વિકાસ કરશે ?
(A) ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (B) ભારત હેવી અર્થમૂવર્સ લિમિટેડ
(C) ભારત ડાયનામિક્સ લિમિટેડ (D) હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (C)

6. સ્ટારસ્ટ્રીક એર ડિફેન્સ સિસ્ટમ વિશે સાચું વિધાન / વિધાનો જણાવો ?
1. તે એક શોર્ટ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ છે.
2. તે અગાઉ 'શોર્ટ્સ મિસાઈલ સિસ્ટમ' તરીકે ઓળખાતી હતી.
3. તે 3 મેકની ઝડપે ગતિ કરે છે.
4. આ મિસાઈલ ત્રણ લેસર ગાઈડ ડાર્ટની બનેલી છે.
(A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 3 (A)

7. ગ્લોબલ ફાયરપાવર ઈન્ડકેસ, 2021માં તાજેતરમાં ભારતે કેટલામો ક્રમાંક મેળવ્યો છે ?
(A) પ્રથમ (B) દ્વિતીય (C) તૃતીય (D) ચોથો (D)

8. ગ્લોબલ ફાયરપાવર ઈન્ડકેસ, 2021 અનુસાર પ્રથમ ક્રમાંકે કયો દેશ રહયો છે ?
(A) અમેરિકા (B) ચીન (C) જાપાન (D) રશિયા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 23 જાન્યુઆરી, પરાક્રમ દિવસ



શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મદિન **23 જાન્યુઆરી** ભારતમાં **'રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન'** તરીકે ઉજવવામાં આવતો હતો, પરંતુ તાજેતરમાં **કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે** જાહેરાત કરી છે કે **વર્ષ 2021**થી દર વર્ષે **શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ 'પરાક્રમ દિવસ'** તરીકે ઉજવવામાં આવશે.

- આ અંતર્ગત **ભારતમાં પ્રથમ વખત 'પરાક્રમ દિવસ'**ની ઉજવણી કરવામાં આવી રહી છે.
- ભારતની સ્વતંત્રતા ચળવળમાં તેમના નોંધપાત્ર યોગદાનને ધ્યાનમાં રાખીને આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.
- આ દિવસ યુવાનોને પ્રતિકૂળતાનો સામનો કરવા પ્રેરણારૂપ બનશે.
- **23 જાન્યુઆરી 2021**થી કેન્દ્ર સરકાર દેશભરમાં **શ્રી સુભાષચંદ્ર બોઝની 125મી વર્ષગાંઠની** ઉજવણી કરી રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી સુભાષચંદ્ર બોઝ વિશે

શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ **23 જાન્યુઆરી, 1897**ના રોજ **ઓડિશાના કટક** ખાતે થયો હતો.

- તેમના પિતાનું નામ **શ્રી રાયબહાદુર જાનકીનાથ** તથા માતાનું નામ **શ્રીમતી પ્રભાવતીદેવી** હતું.
- તેમણે **ઈ.સ. 1921**માં લંડનમાં **આઈ.સી.એસ.**ની પરીક્ષા પાસ કરી હતી. પરંતુ અંગ્રેજ સરકારની નોકરી સ્વીકારી ન હતી.
- બાદમાં તેઓ **'અખિલ ભારત ટ્રેડ યુનિયન'ના પ્રમુખ** બન્યા હતા.

### શ્રી સુભાષચંદ્ર બોઝ અને કોંગ્રેસ

શ્રી સુભાષચંદ્ર બોઝ **1938**માં કોંગ્રેસના **હરિપુરા** અધિવેશનના અધ્યક્ષ બન્યા હતા.

- ત્યારબાદ **1939**માં મહાત્મા ગાંધીજીના પ્રતિનિધિ **શ્રી પટ્ટાભી સિતારમૈયા**ને હરાવીને **કોંગ્રેસના ત્રિપુરી અધિવેશનના અધ્યક્ષ** બન્યા હતા.
- જોકે, ત્યારબાદ મહાત્મા ગાંધીજી સાથે મતભેદ થતાં **માર્ચ, 1939**માં કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું.

## ફોરવર્ડ બ્લોકની સ્થાપના

કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ શ્રી સુભાષચંદ્ર બોઝે **3 મે, 1939**ના રોજ '**ફોરવર્ડ બ્લોક**'ની સ્થાપના કરી હતી.

- સપ્ટેમ્બર, 1939 દરમિયાન દ્વિતીય વિશ્વયુદ્ધમાં અંગ્રેજોએ ભારતને આ વિશ્વયુદ્ધમાં બ્રિટનના પક્ષે સામેલ કર્યું હતું. આથી તેના વિરોધમાં શ્રી સુભાષચંદ્ર બોઝ અને ફોરવર્ડ બ્લોકના સભ્યો દ્વારા યુદ્ધ વિરોધી ભાષણો આપવાની શરૂઆત કરવામાં આવી હતી.
- આ યુદ્ધ વિરોધી ભાષણોને લીધે **જુલાઈ, 1940**માં શ્રી સુભાષબાબુની ધરપકડ થઈ હતી. આ સમય દરમિયાન જેલમાં ઉપવાસને લીધે તેમની તબિયત લથડતા તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા.
- અને **1941**માં નજરકેદમાંથી છટકીને **પેશાવર-કાબુલ**ના માર્ગે થઈને તેઓ **જર્મની** પહોંચ્યા હતા.

## એડોલ્ફ હિટલર સાથે મુલાકાત

શ્રી સુભાષચંદ્ર બોઝે **1941**માં **જર્મની**માં જર્મનીના સરમુખત્યાર શાસક **એડોલ્ફ હિટલર** સાથે મુલાકાત કરી હતી.

- અને શ્રી સુભાષચંદ્ર બોઝે **જૂન 1941**માં **જર્મની**ના **બર્લિન રેડિયો** પરથી જ અંગ્રેજો વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરી હતી.
- તેમણે **જર્મની**માં **'આઝાદ હિંદ રેડિયો'**ની સ્થાપના કરી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આઝાદ હિંદ ફોજનું નવનિર્માણ

અંગ્રેજો વિરુદ્ધ લડાઈ માટે **શ્રી રાસબિહારી બોઝે** જાપાનની સહાયથી **જાપાન**ના **ટોકિયો**માં **જૂન 1942**માં **'આઝાદ હિંદ ફોજ'**ની રચના કરી હતી.

- **7 જુલાઈ, 1943**ના રોજ **શ્રી સુભાષચંદ્ર બોઝે** તેની કમાન સંભાળી હતી.
- અને આઝાદ હિંદ ફોજનું નવનિર્માણ કરીને તેમણે **નહેરુ બ્રિગેડ**, **આઝાદ બ્રિગેડ**, **સુભાષ બ્રિગેડ** અને **ગાંધી બ્રિગેડ**ની રચના કરી હતી.
- આ ઉપરાંત આઝાદ હિંદ ફોજમાં મહિલાઓ માટે **ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ બ્રિગેડ**ની પણ રચના કરી હતી. જેનું નેતૃત્વ તેમણે **શ્રીમતી લક્ષ્મી સહેગલ**ને સોંપ્યું હતું.
- શ્રી સુભાષચંદ્ર બોઝે **5 જુલાઈ, 1943**ના રોજ **સિંગાપોર**થી આઝાદ હિંદ ફોજને **'દિલ્હી ચલો'**નો નારો આપ્યો હતો.

(ખાસ નોંધ : મહાત્મા ગાંધીજી દ્વારા 1940-41માં શરૂ કરવામાં આવેલો 'વ્યક્તિગત સત્યાગ્રહ' 'દિલ્હી ચલો ચળવળ' તરીકે પણ ઓળખાય છે. આથી, 'દિલ્હી ચલો'ના નારા સાથે શ્રી સુભાષચંદ્ર બોઝનું નામ જોડાયેલું છે. જ્યારે 'દિલ્હી ચલો ચળવળ' સાથે મહાત્મા ગાંધીજીનું નામ સંકળાયેલું છે.)

- શ્રી સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજનું વડુંમથક સિંગાપોરથી ખસેડીને મ્યાનમારના રંગૂન ખાતે તેની સ્થાપના કરી હતી.

**ICE FACTS :**

(1) આઝાદ હિંદ ફોજ અંગ્રેજીમાં "Indian National Army' (INA) તરીકે ઓળખાય છે.

## આઝાદ હિંદ સરકાર

21 ઓક્ટોબર, 1943ના રોજ શ્રી સુભાષચંદ્ર બોઝે સિંગાપોરમાં ભારતની પ્રથમ સ્વતંત્ર સરકારની રચના કરી હતી.

- આ સરકારને 'આઝાદ હિંદ સરકાર' નામ આપવામાં આવ્યું હતું.
- આ સરકારનું મુખ્યમથક સિંગાપોર ઉપરાંત મ્યાનમારના રંગૂન ખાતે પણ સ્થાપવામાં આવ્યું હતું.
- આ સરકારને જર્મની, જાપાન, ઈટલી, ફિલિપાઈન્સ, કોરિયા, ચીન, મંચુરિયા, ક્રોએશિયા, થાઈલેન્ડ, બર્મા (મ્યાનમાર) અને આયરલેન્ડ વગેરે દેશોએ માન્યતા આપી હતી.
- ભારત બહાર બ્રિટિશ શાસન વિરુદ્ધ લડાઈ લડવા માટે સ્થાપવામાં આવેલી આ સરકારને પોતાની બેંક હતી, પોતાનું ચલણ હતું, પોતાની ટપાલ ટિકિટ હતી, પોતાની ગુપ્તચર સેવા હતી.
- શ્રી સુભાષચંદ્ર બોઝ આ સરકારના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને યુદ્ધમંત્રી હતા.
- આ સરકારની સ્થાપના માટે શ્રી સુભાષચંદ્ર બોઝ જર્મનીથી સબમરિન દ્વારા દક્ષિણ એશિયા આવ્યા હતા. અને પછી ત્યાંથી જાપાન થઈને સિંગાપોર પહોંચ્યા હતા.
- શ્રી સુભાષચંદ્ર બોઝે સ્થાપેલી આ સરકાર 'અર્જી-હુકૂમત-એ-આજાદ' અથવા તો 'સ્વાધીન ભારતની અંતરિમ સરકાર' તરીકે પણ ઓળખાય છે.
- શ્રી સુભાષચંદ્ર બોઝે સ્થાપેલી આ 'આઝાદ હિંદ સરકાર' અખંડ અને અવિભાજિત ભારતની દેશ બહાર બનેલી પ્રથમ સરકાર હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વારા આંદમાનમાં તિરંગાને સલામી

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જાપાન અને નેતાજીની સંયુક્ત સેનાએ **આંદમાન-નિકોબાર ટાપુ** જીતી લીધા હતા.

- આ પ્રસંગે **શ્રી સુભાષચંદ્ર બોઝે 30 ડિસેમ્બર, 1943**ના રોજ **આંદમાન નિકોબાર** ટાપુના **પોર્ટબ્લેર** ખાતે પહેલી વખત તિરંગો લહેરાવીને તેને સલામી આપી હતી.
- અને આંદમાન નિકોબારને બ્રિટિશ શાસનથી મુક્ત જાહેર કર્યો હતો.
- આમ, બ્રિટિશ શાસનમાંથી મુક્ત થનાર ભારતનો પ્રથમ પ્રદેશ **આંદમાન નિકોબાર** જ હતો.
- શ્રી સુભાષચંદ્ર બોઝે **આંદમાન દ્વીપનું** નામ બદલીને **'શહીદ દ્વીપ'** અને **નિકોબાર દ્વીપનું** નામ બદલીને **'સ્વરાજ દ્વીપ'** રાખ્યું હતું. અને તેમણે INAના જનરલ **શ્રી એ. ડી. લોગનાથન**ને તેના શાસક નિયુક્ત કર્યા હતા.

## મહાત્મા ગાંધીજીને રાષ્ટ્રપિતાનું બિરુદ

**મહાત્મા ગાંધીજી**ને **'રાષ્ટ્રપિતા'**નું બિરુદ **શ્રી સુભાષચંદ્ર બોઝે** જ આપ્યું હતું.

- આ માટે **6 જુલાઈ, 1944**ના રોજ **રંગૂનથી આઝાદ હિન્દ રેડિયો** પર પોતાના ભાષણમાં તેમણે કહ્યું હતું કે, "ભારતની આઝાદીના આ પવિત્ર યુદ્ધમાં **ભારતના 'રાષ્ટ્રપિતા'**ના ચરણોમાં વંદન. દેશની આઝાદી માટે આપના આશીર્વાદ જોઈએ છે."

## નેતાજીનું નિધન

શ્રી સુભાષચંદ્ર બોઝ **18 ઓગસ્ટ, 1945**ના રોજ **શ્રી હબીબ ઉર રહેમાન** સાથે **ટોકિયો** જવા નીકળ્યા હતા. પરંતુ **તાઈવાન** પાસેના **ફોર્મોસા ટાપુ** પર તેમના વિમાનને આગ લાગતા રહસ્યમય સંજોગોમાં તેમનું મૃત્યુ થયું હતું.

**ICE FACTS :**

(1) શ્રી સુભાષચંદ્ર બોઝે આપેલો **'જય હિન્દ'**નો નારો ભારતનો **'રાષ્ટ્રીય નારો'** બની ગયો છે.

(2) **'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા'**નો નારો પણ **શ્રી સુભાષચંદ્ર બોઝે** જ આપ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કેન્દ્રીયમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાની અધ્યક્ષતામાં ગુજરાતના કચ્છમાં 'ચિંતન શિબિર'નું આયોજન

21 થી 23 જાન્યુઆરી, 2021 દરમિયાન કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા કચ્છના ધોરડો ખાતે બંદર સમીક્ષા બેઠક 'ચિંતન શિબિર'નું આયોજન થયું હતું.

- દેશના 12 મોટાબંદરગાહોના અધ્યક્ષો અને મેરિટાઈમ ક્ષેત્રના કેન્દ્રના ઉચ્ચાધિકારીઓની હાજરીમાં ધોરડોની તંબુનગરીમાં ચિંતન શિબિરનો આરંભ કરવામાં આવ્યો હતો.
- દેશના શિપિંગ મિનિસ્ટર શ્રી મનસુખભાઈ માંડવિયાની અધ્યક્ષતામાં યોજાયેલી આ ચિંતન શિબિરના પ્રથમ દિવસે આરંભ કરાવતાં તેમણે ભારતને વિશ્વમાં મેરિટાઈમ હબ બનાવવાની મહત્વાકાંક્ષા દર્શાવી હતી અને મેરિટાઈમ વિઝન 2030ના રોડમેપ મુજબ બેંચમાર્ક લક્ષિત કામગીરી કરવા પર ભાર મુકયો હતો.

### મેરિટાઈમ ઈન્ડિયા વિઝન 2030 વિશે

મેરિટાઈમ ઈન્ડિયા વિઝન 2030 વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવેમ્બર, 2020માં યોજાયેલ મેરિટાઈમ ઈન્ડિયા સમિટમાં જાહેર કર્યું હતું.

- મેરિટાઈમ ઈન્ડિયા વિઝન 2030એ 10 વર્ષ માટેની બ્લુપ્રિન્ટ છે જેનો હેતુ ભારતીય દરિયાઈ ક્ષેત્રનો વિકાસ કરવાનો છે.
- તેના અંતર્ગત ભારતમાં શિપબિલ્ડિંગ ઉદ્યોગને પ્રોત્સાહન આપવામાં આવશે તેમજ ક્રુઝ ટુરિઝમને પ્રોત્સાહન મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગ્લોબલ ઈન્ટરનેટ સ્પીડટેસ્ટ ઈન્ડેકસમાં ભારત મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડ મુદ્દે સમગ્ર વિશ્વમાં 129મા ક્રમાંકે

ઈન્ટરનેટ સ્પીડને મુદ્દે દેશોનું રેન્કિંગ કરી રહેલી સંસ્થા ઉકલા દ્વારા નવી રેન્કિંગ યાદી બહાર પાડવામાં આવી છે.

- ભારતને આ યાદીમાં એક સ્થાનનું નુકસાન થયું છે.
- ઉકલાના વર્ષ 2020 માટેના ગ્લોબલ ઈન્ટરનેટ સ્પીડટેસ્ટ ઈન્ડેકસમાં ભારત મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડ મુદ્દે 139 દેશોની યાદીમાં 129માં ક્રમાંકે રહયું છે.
- બીજી બાજુ બ્રોડબેન્ડ સ્પીડને મુદ્દે સમગ્ર વિશ્વમાં 176 દેશોની યાદીમાં ભારત 65મા ક્રમાંકે રહયું છે.
- આ નવા ઈન્ડેકસ અનુસાર ભારતને મોબાઈલ ઈન્ટરનેટસ્પીડ અને બ્રોડબેન્ડ સ્પીડ એમ બંને મોરચે એક–એક સ્થાનનું નુકસાન થયું છે.

- ઉકલાના રેન્કિંગ અનુસાર **સમગ્ર વિશ્વમાં મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડમાં કતાર પ્રથમ ક્રમે** આવ્યું છે. જ્યારે **બ્રોડ બેન્ડ સ્પીડ મુદ્દે થાઈલેન્ડ ટોચના સ્થાને** રહયું છે.

## ભારતનો સૌથી મોટો મલ્ટી-મોડેલ લોજિસ્ટીક પાર્ક અમદાવાદના સાણંદ નજીક બનશે

**ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગે અદાણી પોર્ટસ એન્ડ SEZ લિમિટેડ** સાથે **સાણંદમાં ઓટોમોબાઈલ હબ નજીક વિરોચનનગર**માં **1,450 એકર** વિસ્તારમાં અંદાજે રૂ. 50 હજાર કરોડના સંભવિત રોકાણ સાથે **ભારતનો સૌથી વિશાળ મલ્ટી મોડેલ લોજિસ્ટિક પાર્ક** સ્થાપવા માટે MoU કર્યા છે.

- **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિ**માં રાજ્ય સરકાર વતી આ MoU પર અધિક મુખ્ય સચિવ અને ઉદ્યોગ–ખાણ અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ અને અદાણી પોર્ટસ એન્ડ SEZ લિમિટેડના CEO શ્રી કરણ અદાણીએ હસ્તાક્ષર કર્યા હતા.
- આ મલ્ટી–મોડેલ લોજિસ્ટિક પાર્ક 25 હજારથી વધુ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારીના અવસરો પૂરા પાડશે.
- આ પાર્ક ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર તેમજ ગુજરાતના તમામ મુખ્ય બંદર સાથે સીધું જોડાણ ધરાવનારો અદ્યતન સુવિધાયુકત પાર્ક બનશે.
- આ પાર્કમાં સ્થાપવામાં આવનાર **એરકાર્ગો ટર્મિનલ 4.6 કિ.મી. લંબાઈ**નો રનવે ધરાવતું હશે. જેના પરિણામે અત્યંત મોટા માલવાહક વિમાનો કે હવાઈ જહાજોને હેન્ડલ કરી શકશે અને તેથી સ્થાનિક અને એકસપોર્ટ માર્કેટ સાથે કનેકિટવિટી મળશે.
- આ પાર્કમાં રેલ ફ્રેઈટ ટર્મિનલ પણ હશે. તેથી **દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (DMIC)** પ્રોજેકટના ભાગરૂપે ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર સાથે સીધી કનેકિટવિટી અપાશે.
- **તેમાં 90 લાખ ચો. ફૂટ** વિસ્તારમાં **વેરહાઉસ ઝોન** વિકસાવાશે. જે એર ફ્રેઈટ સ્ટેશન (4.5 મેટ્રિક ટન), ગ્રેડ–એ વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ સહિતની સુવિધાથી સજ્જ હશે.
- આ પાર્કમાં **3 લાખ ચો.ફૂટ** વિસ્તારમાં **બિઝનેસ સેન્ટર** અને **લોજિસ્ટિક ક્ષેત્રે પ્રશિક્ષિત માનવબળ** મળી રહે તે માટે એક અલાયદું સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર પણ સ્થાપવામાં આવશે.
- આ પાર્કની સ્થાપના અંગેની કાયદાકીય મંજૂરીઓ મળ્યા બાદ છ મહિનામાં નિર્માણ કાર્ય શરૂ કરીને ત્રણ વર્ષમાં સમગ્ર પ્રોજેકટ પૂર્ણ કરવાનું આયોજન છે.

**ICE FACTS :**

(1) SEZનું પૂરું નામ **'સ્પેશિયલ ઈકોનોમીક ઝોન'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે તાજેતરમાં 23 જાન્યુઆરીને કયા દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે ?
   (A) રાષ્ટ્રીય રક્તદાન દિવસ (B) રાષ્ટ્રીય આઝાદ હિંદ ફોજ દિવસ
   (C) પરાક્રમ દિવસ (D) રાષ્ટ્રીય શૌર્ય દિવસ — (C)

2. 23 જાન્યુઆરીને હવેથી 'પરાક્રમ દિવસ' તરીકે ઉજવવામાં આવશે, અગાઉ 23 જાન્યુઆરીને કયા દિવસ તરીકે ઉજવવામાં આવતો હતો ?
   (A) રાષ્ટ્રીય રક્તદાન દિવસ (B) રાષ્ટ્રીય પ્રેમ દિવસ
   (C) રાષ્ટ્રીય દેશ પ્રેમ દિવસ (D) આઝાદ હિંદ ફોજ દિન — (C)

3. ભારતમાં કયા મહાન વ્યકિતના જન્મદિનને હવેથી 'પરાક્રમ દિવસ' તરીકે ઉજવવામાં આવશે ?
   (A) શ્રી મહાત્મા ગાંધીજી (B) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
   (C) શ્રી રાસબિહારી બોઝ (D) શ્રી સુભાષચંદ્ર બોઝ — (D)

4. શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ કયારે અને કયાં થયો હતો ?
   (A) 23 જાન્યુઆરી, 1887 ; કટક (B) 23 જાન્યુઆરી, 1897 ; કટક
   (C) 23 જાન્યુઆરી, 1887 ; મહુ (D) 23 જાન્યુઆરી, 1897 ; મહુ — (B)

5. ઈ.સ. 1938નું કોંગ્રેસ અધિવેશન કયાં અને કોની અધ્યક્ષતામાં ભરાયું હતું ?
   (A) શ્રી રાસબિહારી બોઝ ; હરિપુરા (B) શ્રી સુભાષચંદ્ર બોઝ ; અમદાવાદ
   (C) શ્રી રાસબિહારી બોઝ ; અમદાવાદ (D) શ્રી સુભાષચંદ્ર બોઝ ; હરિપુરા — (D)

6. ફોરવર્ડ બ્લોકની સ્થાપના કયારે અને કોણે કરી હતી ?
   (A) 3 મે, 1939 ; શ્રી સુભાષચંદ્ર બોઝ (B) 3 મે, 1939 ; એની બેસન્ટ
   (C) 3 મે, 1941 ; શ્રી સુભાષચંદ્ર બોઝ (D) 3 મે, 1941 ; એની બેસન્ટ — (A)

7. શ્રી સુભાષચંદ્ર બોઝે 5 જુલાઈ, 1943ના રોજ સિંગાપોરથી આઝાદ હિંદ ફોજને કયો નારો આપ્યો હતો ?
   (A) દિલ્હી જીત લો (B) દિલ્હી ચલો
   (C) આઝાદી લે કે રહેંગે (D) કરો યા મરો — (B)

8. શ્રી સુભાષચંદ્ર બોઝે ભારતની પ્રથમ સ્વતંત્ર સરકાર 'આઝાદ હિંદ સરકાર'ની સ્થાપના કયારે અને કયાં કરી હતી ?
   (A) 23 જાન્યુઆરી, 1943 ; સિંગાપોર (B) 23 જાન્યુઆરી, 1943 ; જર્મની
   (C) 21 ઓક્ટોબર, 1943 ; જર્મની (D) 21 ઓક્ટોબર, 1943 ; સિંગાપોર — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. 23 જાન્યુઆરી, 2021થી કેન્દ્ર સરકાર દેશભરમાં શ્રી સુભાષચંદ્ર બોઝની કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરી રહી છે ?
(A) 125 (B) 130 (C) 100 (D) 75 **(A)**

10. ગુજરાતના કચ્છમાં કોની અધ્યક્ષતામાં 'ચિંતન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) શ્રી પિયૂષ ગોયલ (B) શ્રી નરેન્દ્રસિંહ તોમર
(C) શ્રી પ્રકાશ જાવડેકર (D) શ્રી મનસુખભાઈ માંડવિયા **(D)**

11. ઉકલાના વર્ષ 2020 માટેના ગ્લોબલ ઈન્ટરનેટ સ્પીડટેસ્ટ ઈન્ડકેસમાં ભારત મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડ મુદ્દે વિશ્વના 139 દેશોની યાદીમાં કેટલામાં ક્રમાંકે રહયો છે ?
(A) 129 (B) 131 (C) 119 (D) 109 **(A)**

12. ઉકલાના વર્ષ 2020 માટેના ગ્લોબલ ઈન્ટરનેટ સ્પીડટેસ્ટ ઈન્ડેકસમાં બ્રોડબેન્ડ સ્પીડને મુદ્દે સમગ્ર વિશ્વમાં ભારત કેટલામાં ક્રમાંકે રહયો છે ?
(A) 72 (B) 65 (C) 66 (D) 73 **(B)**

13. ઉકલાના તાજેતરના રેન્કિંગ અનુસાર સમગ્ર વિશ્વમાં મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડમાં કયો દેશ પ્રથમ ક્રમાંકે છે ?
(A) અમેરિકા (B) જાપાન (C) કતાર (D) થાઈલેન્ડ **(C)**

14. ઉકાલાના તાજેતરના રેન્કિંગ અનુસાર સમગ્ર વિશ્વમાં બ્રોડબેન્ડ સ્પીડ મુદ્દે કયો દેશ પ્રથમ ક્રમાંકે છે ?
(A) અમેરિકા (B) જાપાન (C) કતાર (D) થાઈલેન્ડ **(D)**

15. ભારતનો સૌથી મોટો મલ્ટી–મોડેલ લોજિસ્ટિક પાર્ક ગુજરાતમાં કયાં સ્થાપવામાં આવશે ?
(A) ધોલેરા (B) સાણંદ (C) દહેજ (D) કંડલા **(B)**

16. સાણંદ નજીક નિર્માણ પામનારા ભારતના સૌથી મોટા મલ્ટી–મોડેલ લોજિસ્ટીક પાર્ક બાબતે સાચું વિધાન/વિધાનો જણાવો ?
1. આ પાર્ક માટે ગુજરાત સરકારે અદાણી પોર્ટસ એન્ડ SEZ લિમિટેડ સાથે MoU કર્યા છે.
2. સાણંદ નજીક વિરોચનનગરમાં તે નિર્માણ પામશે.
3. આ પાર્કમાં એર કાર્ગો ટર્મિનલ ઉપલબ્ધ બનશે.
4. કાયદાકીય મંજૂરીઓ મળ્યા બાદ 6 મહિનામાં નિર્માણ કાર્ય શરૂ કરીને ત્રણ વર્ષમાં સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવશે.
(A) 1, 2, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 2, 3, 4 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **GTUનો 10મો પદવીદાન સમારંભ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયો**

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU)નો 10મો પદવીદાન સમારંભ **ગાંધીનગરના મહાત્મા મંદિર** ખાતે યોજાયો હતો. ગુજરાતના રાજ્યપાલ **શ્રી આચાર્ય દેવવ્રતના** હસ્તે આ પદવીદાન સમારંભને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પદવીદાન સમારંભમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ અતિથિ વિશેષપદે પદ્મવિભૂષણ ડો. ક્રિષ્નાસ્વામી કસ્તુરીરંગન પણ ઉપસ્થિત રહયા હતા. આ પદવીદાન સમારંભ ઓફલાઈન અને ઓનલાઈન એમ બંને મોડમાં યોજાયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **વડોદરા પોલીસની 'SHE TEAM'ની કામગીરીનો શુભારંભ ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ કર્યો**

ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ મહિલા, બાળકો અને વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા સુદ્રઢ કરવાના આશય સાથેની વડોદરા શહેર પોલીસની નવીન પહેલરૂપ 'SHE TEAM'ની કામગીરીનો ફલેગ ઓફ કરી શુભારંભ કરાવ્યો હતો.

➤ **સોમનાથ મંદિર ટ્રસ્ટના ચેરમેન તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નિમણૂક થઈ**

સોમનાથ મંદિર ટ્રસ્ટની 120મી ટ્રસ્ટી મંડળની બેઠક ઓનલાઈન મળી હતી. જેમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષ** તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ પહેલા **શ્રી મોરારજીભાઈ દેસાઈ** વડાપ્રધાન હતા ત્યારે **સોમનાથ મંદિર ટ્રસ્ટના** અધ્યક્ષ તરીકે વર્ષ 1966થી 1995 સુધી રહયા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અગાઉ સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે **શ્રી કેશુભાઈ પટેલ** હતા જેઓનું અવસાન થતાં આ પદ ખાલી પડયુ હતું.

➤ **ગુજરાત રાજ્યનો પ્રથમ ઈ-મુદ્દામાલ પ્રોજેક્ટ ભાવનગર જિલ્લાના તળાજા પોલીસ સ્ટેશનમાં શરૂ કરાયો**

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકા ખાતે આવેલા તળાજા પોલીસ સ્ટેશનમાં ગુજરાત રાજ્યનો પ્રથમ ઈ–મુદ્દામાલ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. ભાવનગર જિલ્લાના પોલીસ વડા શ્રી જયપાલસિંહ રાઠોડના વરદ હસ્તે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. પાયલોટ પ્રોજેક્ટ તરીકે રાજ્યમાં આ પ્રોજેક્ટ તળાજા પોલીસ સ્ટેશનમાં શરૂ કરવામાં આવ્યો છે. આવતા દિવસોમાં રાજ્યના તમામ પોલીસ સ્ટેશનમાં આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે. કોમ્પ્યુટરની એક કિલક દ્વારા બારકોડ પદ્ધતિથી કેસની તમામ વિગતો, મુદ્દામાલ કયા પડયો છે તેમજ મુદ્દામાલની તમામ વિગતો મેળવી શકાશે.

## ભારત

➤ **પ્રજાસત્તાક દિવસ 2021 પર આ વર્ષે કોઈપણ દેશના રાષ્ટ્રપ્રમુખ મુખ્ય અતિથિ તરીકે હાજર નહી રહે**

26 જાન્યુઆરી, 2021ના ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણી પ્રસંગે આ વર્ષે કોઈપણ દેશના રાષ્ટ્રપ્રમુખ મુખ્ય અતિથિ તરીકે હાજર નહી રહે. બ્રાઝિલના રાષ્ટ્રપતિ શ્રી જેયર બોલ્સેનારો વર્ષ 2020ના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહયાં હતા. ઈન્ડોનેશિયાના તત્કાલિન રાષ્ટ્રપતિ શ્રી સુકર્ણો વર્ષ 1950માં પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ઉપસ્થિત રહેનારા પ્રથમ મુખ્ય અતિથિ બન્યા હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **દિગ્ગજ સંગીતકાર ઉસ્તાદ ગુલામ મુસ્તફા ખાનનું નિધન**

દેશના મશહૂર શાસ્ત્રીય ગાયક અને સંગીતકાર **ઉસ્તાદ ગુલામ મુસ્તફા ખાનનું** તાજેતરમાં મુંબઈ ખાતે 89 વર્ષની વયે નિધન થયું હતું. ઉસ્તાદ ગુલામ મુસ્તફા ખાન હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતના **રામપુર સહસવાન ઘરાના** સાથે સંકળાયેલા હતા. તેઓનો જન્મ ઉત્તરપ્રદેશના બરેલી ખાતે થયો હતો. ભારત સરકારે તેમને વર્ષ 1991માં પદ્મશ્રી, વર્ષ 2006માં પદ્મભૂષણ અને વર્ષ 2018માં પદ્મવિભૂષણ એવોર્ડથી સન્માનિત કર્યા હતા. **રામપુર સહસવાન ઘરાના ઉત્તરપ્રદેશના રામપુર** અને **સહસવાન** નામના શહેરોમાં કેન્દ્રિત છે.

➤ **પંચાયતીરાજ મંત્રાલયને 'સ્કોચ ચેલેન્જર' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો**

**70મી સ્કોચ સમિટ** દરમિયાન **કેન્દ્રીય પંચાયતીરાજ મંત્રાલય**ને **'શાસનમાં પારદર્શિતા'** શ્રેણી અંતર્ગત સ્કોચ ચેલેન્જર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

➤ **51મા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં ઈન્ડિયન પર્સનાલિટી ઓફ ધ યર તરીકે શ્રી વિશ્વજીત ચેટર્જીના નામની જાહેરાત**

શ્રી વિશ્વજીત ચેટર્જીને ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)ની 51મી આવૃત્તિમાં ઈન્ડિયન પર્સનાલિટી ઓફ ધ યર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. 51માં IFFIનું આયોજન **ગોવાના પણજી** ખાતે આવેલા **ડો. શ્યામા પ્રસાદ મુખર્જી ઈન્ડોર સ્ટેડિયમ**માં કરવામાં આવ્યું છે. તે એશિયાનો સૌથી જૂનો અને ભારતનો સૌથી મોટો ફિલ્મ સમારોહ છે. શ્રી વિશ્વજીત ચેટર્જીએ હિંદી અને બંગાળી સિનેમામાં અભિનેતા, નિર્માતા, દિગ્દર્શક, નિર્દેશક અને ગાયકના રૂપમાં કાર્ય કર્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટીએ તેનો છઠ્ઠો વાર્ષિક દિવસ ઉજવ્યો**

સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી (CARA)એ તાજેતરમાં 15 જાન્યુઆરી, 2021ના રોજ પોતાનો છઠ્ઠો વાર્ષિક દિવસ ઉજવ્યો હતો. CARAનો વાર્ષિક દિવસ 15 જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે કારણ કે CARAને જુવેનાઈલ જસ્ટિસ એક્ટ, 2015ની કલમ 68 હેઠળ આ દિવસે **વૈધાનિક સંસ્થાનો દરજ્જો** આપવામાં આવ્યો હતો. સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી **કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રાલય** હેઠળ કાર્યરત છે.

➤ **ભારતનું પ્રથમ 'મજૂર ચળવળ મ્યુઝિયમ' કેરલના અલપ્પુઝામાં સ્થાપવામાં આવશે**

વિશ્વની મજૂર ચળવળોને પ્રદર્શિત કરવા માટે ભારતનું પ્રથમ મજૂર ચળવળ મ્યુઝિયમ કેરલના અપ્પુઝામાં સ્થાપવામાં આવશે.

➤ **રાષ્ટ્રીય સડક સુરક્ષા માસનું આયોજન 18 જાન્યુઆરી, 2021થી 17 ફેબ્રુઆરી, 2021 વચ્ચે કરવામાં આવી રહયું છે**

રાષ્ટ્રીય સડક સુરક્ષા માસનું આયોજન **'સડક સુરક્ષા, જીવન રક્ષા'** વિષય આધારિત કરવામાં આવી રહયું છે. રાષ્ટ્રીય સડક સુરક્ષા માસ **વર્ષ 2021માં પ્રથમ વાર** ઉજવવામાં આવી રહયો છે. આ અગાઉ જાન્યુઆરી મહિનામાં ફકત 'સડક સુરક્ષા સપ્તાહ'નું આયોજન કરવામાં આવતુ હતું. રાષ્ટ્રીય સડક સુરક્ષા માસના પ્રથમ દિવસે એટલે કે 18 જાન્યુઆરીના રોજ **32માં રાષ્ટ્રીય સુરક્ષા સપ્તાહનું** ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

➤ **પશ્ચિમ બંગાળના મહાનંદા વન્યજીવ અભયારણ્યમાં પક્ષી મહોત્સવનું આયોજન કરવામાં આવશે**

**દાર્જિલિંગ વન્યપ્રાણી વિભાગ** દ્વારા પશ્ચિમ બંગાળના મહાનંદા વન્યજીવ અભયારણ્યમાં પક્ષી મહોત્સવનું આયોજન કરવામાં આવશે. આ પક્ષી **મહોત્સવ તેના પ્રકારનો પ્રથમ** છે. મહાનંદા વન્યજીવ અભયારણ્યને એક મહત્ત્વપૂર્ણ પક્ષી અને જૈવવિવિધતા ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે. મહાનંદા વન્યજીવ અભયારણ્ય હિમાલયની તળેટીમાં **તીસ્તા અને મહાનંદા નદીઓ** વચ્ચે સ્થિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **જૈવ વિવિધતા માટેની 'વન પ્લેનેટ સમિટ'માં ગ્રેટ ગ્રીન વોલ ઈનિશિએટિવને 14 અબજ ડોલરનું ભંડોળ ફાળવવામાં આવ્યું**

ગ્રેટ ગ્રીન વોલ ઈનિશિએટિવએ આફ્રિકન દેશોની આગેવાની હેઠળની પહેલ છે. તે વર્ષ 2007માં આફ્રિકન યુનિયન દ્વારા રણ, જમીન ઘસારણ અને દુષ્કાળનો સામનો કરવા માટે શરૂ કરવામાં આવી હતી. ગ્રેટ ગ્રીન વોલ ઈનિશિએટિવનો ઉદ્દેશ 8,000 કિલોમીટરના અંતર અને 15 કિલોમીટરની પહોળાઈમાં વૃક્ષ, વનસ્પતિ અને ઘાસનું વાવેતર કરીને 100 મિલિયન આફ્રિકનોનું જીવન બદલવાનો છે.

## ICE Questions

- તાજેતરમાં GTUનો 10મો પદવીદાન સમારંભ કયા યોજવામાં આવ્યો હતો ?
  – ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે
- વડોદરા પોલીસની 'SHE TEAM'ની કામગીરીનો શુભારંભ તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યો હતો ? – ગૃહરાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા
- સોમનાથ ટ્રસ્ટના ચેરમેન તરીકે તાજેતરમાં કોની નિમણૂક થઈ ?
  – વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અગાઉ ભારતના કયા વડાપ્રધાન પણ સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ બન્યા હતા ? – શ્રી મોરારજીભાઈ દેસાઈ
- ગુજરાત રાજ્યનો પ્રથમ ઈ–મુદ્દામાલ પ્રોજેક્ટ કયા પોલીસ સ્ટેશનમાંથી શરૂ કરવામાં આવ્યો છે ? – તળાજા પોલીસ સ્ટેશન
- તાજેતરમાં દિગ્ગજ સંગીતકાર ઉસ્તાદ ગુલામ મુસ્તફા ખાનનું નિધન થયું હતુ, તેઓ હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતના કયા ઘરાના સાથે સંકળાયેલ હતા ? – રામપુર સહસવાન ઘરાના
- રામપુર સહસવાન ઘરાના કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – ઉત્તરપ્રદેશ
- તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રાલયને ‘સ્કોચ ચેલેન્જ એવોર્ડ’ એનાયત કરવામાં આવ્યો ?
  – કેન્દ્રીય પંચાયતીરાજ મંત્રાલય
- કેન્દ્રીય પંચાયતીરાજ મંત્રાલયને કઈ શ્રેણી અંતર્ગત ‘સ્કોચ ચેલેન્જર એવોર્ડ’ એનાયત કરવામાં આવ્યો છે ? – શાસનમાં પારદર્શિતા
- તાજેતરમાં કોને ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)ની 51મી આવૃતિમાં ઈન્ડિયન પર્સનાલિટી ઓફ ધ યર તરીકે જાહેર કરવામાં આવ્યા છે ?
  – શ્રી વિશ્વજીત ચેટર્જીને
- 51માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)નું આયોજન કયા કરવામાં આવ્યું હતું ? – ગોવાના પણજી ખાતે આવેલા ડો. શ્યામાપ્રસાદ મુખર્જી ઈન્ડોર સ્ટેડિયમમાં

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- ➤ તાજેતરમાં સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી (CARA)એ તેનો કેટલામો વાર્ષિક દિવસ ઉજવ્યો હતો ? – છઠ્ઠો
- ➤ સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી (CARA) કયા મંત્રાલય હેઠળ કાર્યરત છે ? – કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
- ➤ ભારતનું પ્રથમ 'મજૂર ચળવળ મ્યુઝિયમ' કયા સ્થાપવામાં આવશે ? – કેરલના અલપ્પુઝામાં
- ➤ તાજેતરમાં 'રાષ્ટ્રીય સડક સુરક્ષા માસ'નું આયોજન ક્યારે કરવામાં આવી રહ્યું છે ? – 18 જાન્યુઆરીથી 17 ફેબ્રુઆરી 2021 વચ્ચે
- ➤ 'રાષ્ટ્રીય સડક સુરક્ષા માસ'નું આયોજન કયા વિષય આધારિત કરવામાં આવી રહ્યું છે ? – સડક સુરક્ષા, જીવન રક્ષા
- ➤ મહાનંદા વન્યજીવ અભયારણ્ય કયા રાજ્યમાં આવેલું છે ? – પશ્ચિમ બંગાળ
- ➤ ગ્રેટ ગ્રીન વોલ ઈનિશિયેટિવમાં મુખ્યત્વે કયા દેશો સંકળાયેલા છે ? – આફ્રિકન દેશો

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE SUBJECTIVE VIDEOS
જોવા માટે અહીં CLICK કરો
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YOUTUBE ચેનલ
YouTube
ICE RAJKOT

1. કોરોના વાયરસ સામે દુનિયાનું સૌથી મોટું રસીકરણ અભિયાન ભારતમાં શરૂ થવાની સાથે જ અધિકારીઓએ રસી આધારિત નવી કોલર ટયુન જારી કરી છે. આ નવી કોલર ટયુનમાં શ્રી અમિતાભ બચ્ચનની જગ્યાએ કોનો અવાજ સાંભળવા મળે છે ?

– વીઓ આર્ટિસ્ટ શ્રી જસલીન ભલ્લા

2. શ્રી મહાત્મા ગાંધીજીના કયા પૌત્રએ તાજેતરમાં અમદાવાદના ગાંધી આશ્રમને ગાંધીજીએ લખેલા 550 જેટલા પત્રો ભેટ કર્યા છે ? – શ્રી ગોપાલકૃષ્ણ ગાંધીએ

(શ્રી ગોપાલકૃષ્ણ ગાંધીએ મહાત્મા ગાંધીના ચોથા પુત્ર દેવદાસના પુત્ર છે.)

3. મકર વિલકકુ ઉત્સવનો શુભારંભ તાજેતરમાં કયાં કરવામાં આવ્યો હતો ?

– શબરીમાલા મંદિરમાં

(કેરલના શબરીમાલા મંદિરમાં દર વર્ષે ઉત્તરાયણના તહેવાર દરમિયાન મકર વિલકકુ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. શબરીમાલા મંદિરએ કેરલના પઠાનમચિટ્ટા જિલ્લામાં સ્થિત એક હિંદુ મંદિર છે. આ મંદિર ભગવાન અયપ્પાને સમર્પિત છે.)

4. તાજેતરમાં કયા રાજ્યમાં પશુઓ સાથે સંકળાયેલ તહેવાર ‘કાનુમા’ની ઉજવણી કરવામાં આવી હતી ? – તેલંગાણા

(આ તહેવારની ઉજવણી તમિલનાડુમાં ‘કાનુમા પથુગાઈ’ના સ્વરૂપમાં કરવામાં આવે છે.)

5. ભારતે તાજેતરમાં જાપાન સાથે કયા ક્ષેત્ર માટે MoU પર હસ્તાક્ષર કર્યા ?

– ઈન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી (ICT)

(ઓકટોબર, 2020માં ભારતે જાપાન સાથે સાયબર સ્પેસ ક્ષેત્ર માટે MoU પર હસ્તાક્ષર કર્યા હતા.)

6. રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી કયારે કરવામાં આવી રહી છે ?

– 18 જાન્યુઆરીથી 17 ફેબ્રુઆરી, 2021 દરમિયાન

7. વિશ્વની સૌપ્રથમ કઈ એપ હતી જેણે ચેટ માટે એન્ડ ટુ એન્ડ એન્ક્રિપ્શનની શરૂઆત કરી હતી ?

–સિગ્નલ એપ

(વર્ષ 2009માં યાહૂમાંથી છૂટા થઈને બ્રાયન એકટને વોટ્સએપનું નિર્માણ કર્યું હતું. તે જ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

વ્યક્તિએ 2017માં ફેસબુકથી છૂટા પડીને સિગ્નલ એપ્લિકેશનનું ટેક્સ્ટ સિક્યોર અને રેડફોન આ બે એપ્લિકેશનને ભેગા કરીને નિર્માણ કર્યું હતું. સિગ્નલના કો–ફાઉન્ડર તરીકે મોક્સી માર્લિનસ્પાઈક છે.)

8. શ્રી અમિતાભ બચ્ચન તાજેતરમાં કયા રાજ્યના પર્યટન વિભાગના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા છે ? – ઉત્તરાખંડ

9. કઈ કમિટીની ભલામણને આધારે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને (UGC) દેશની 20 સંસ્થાઓને 'ઈન્સ્ટિટયૂશન ઓફ એમિનન્સ' તરીકે નામાંકિત કરી છે ?

– શ્રી એન. ગોપાલાસ્વામીની અધ્યક્ષતાવાળી એમ્પાવર્ડ એક્સપર્ટ કમિટી

11. તાજેતરમાં પાકિસ્તાને દુબઈના રોયલ પરિવારને કયા પક્ષીના શિકાર માટે મંજૂરી આપી હતી ?

– હૂબરા બસ્ટાર્ડ

(હૂબરા બસ્ટાર્ડએ એશિયા, આફ્રિકા અને મધ્યપૂર્વમાં જોવા મળતું એક મોટું સ્થળીય પક્ષી છે. હૂબરા બસ્ટાર્ડ IUCNના રેડલિસ્ટમાં 'vulnerable (સંવેદનશીલ)' સૂચિમાં સમાવિષ્ટ છે.)

12. અમેરિકા બાદ તાજેતરમાં કયા દેશે ઓપન સ્કાય સંધિમાંથી બહાર થવાની જાહેરાત કરી હતી ?

– રશિયાએ

(ભારતે ઓપન સ્કાય સંધિ પર હસ્તાક્ષર કરેલ નથી.)

13. તાજેતરમાં કયા દેશના વડાપ્રધાન માર્ક રૂટ્ટે અને તેના સમગ્ર કેબિનેટે રાજીનામું આપ્યું હતું ?

– નેધરલેન્ડ

14. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા 'ઈન્ટરનેશનલ માઈગ્રેશન 2020' રિપોર્ટ અનુસાર કયા દેશના પ્રવાસી વિશ્વમાં વધુ ફેલાયેલા છે ? – ભારત

('ઈન્ટરનેશનલ માઈગ્રેશન 2020' રિપોર્ટ અનુસાર 18 મિલિયનથી વધુ ભારતીયો વર્ષ 2020 સુધીમાં ભારતથી બહાર બીજા દેશોમાં ફેલાયેલા છે. ભારત પછી આ યાદીમાં મેક્સિકો, ચીન, રશિયા અને સીરિયાનો સમાવેશ થાય છે. સૌથી વધુ ભારતીયો યુ.એ.ઈ.માં વસવાટ કરી રહયા છે. યુ.એ.ઈ.માં આશરે 3.5 મિલિયન ભારતીયો વસવાટ કરી રહયા છે. ત્યારબાદ સૌથી વધુ ભારતીયો સાઉદી અરેબિયા અને યુ.એસ.માં વસવાટ કરી રહયા છે.)

15. વર્ષ 1952ની ભારતની પ્રથમ સામાન્ય ચૂંટણીના પ્રથમ મતદાતા કોને ગણવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

– શ્રી શ્યામ સરણ નેગી

(શ્રી શ્યામ સરણ નેગી હિમાચલપ્રદેશના વતની છે.)

**16.** કેનેડાના હિન્દી રાઈટર્સ ગિલ્ડ દ્વારા તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રીને 'સાહિત્ય ગૌરવ સમ્માન' આપી સન્માનિત કરવામાં આવ્યા હતા ?

– કેન્દ્રીય શિક્ષણમંત્રી શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક'

**17.** તાજેતરમાં ભારતીય ટેસ્ટ ક્રિકેટ ટીમે ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેન ખાતે આવેલા ગાબા સ્ટેડિયમમાં જીત મેળવી કઈ ટેસ્ટ ટ્રોફી પોતાને નામે કરી હતી ? – બોર્ડર ગાવસ્કર ટ્રોફી

(બ્રિસ્બેનના ગાબા ખાતે રમાયેલ ટેસ્ટ મેચમાં ભારતના ક્રિકેટર રિષભપંતને 'મેન ઓફ ધ મેચ' એવોર્ડ આપવામાં આવ્યો હતો. તેમજ 'મેન ઓફ ધ સિરીઝ' તરીકે ઓસ્ટ્રેલિયાના બોલર પેટ કમિન્સને એવોર્ડ આપવામાં આવ્યો હતો.)

**18.** ઈન્ડિયન માઉન્ટેનિયરીંગ ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં માઉન્ટ ત્રિશૂલ ઉપર શિયાળાના ચઢાણ અભિયાનને મંજૂરી આપવામાં આવી છે, કોના નેતૃત્વ હેઠળની પ્રથમ ટીમ માઉન્ટ ત્રિશૂલ પર ચઢાણ કરશે ? – શ્રી અર્જુન વાજપેઈ

(શ્રી અર્જુન વાજપેઈ વર્ષ 2010માં ફક્ત 16 વર્ષની ઉંમરે માઉન્ટ એવરેસ્ટ સર કરનારા સૌથી યુવા ભારતીય છે. ઉત્તરાખંડના પશ્ચિમ કુમાઉમાં માઉન્ટેન ત્રિશૂલ સ્થિત છે. ઈન્ડિયન માઉન્ટેનિયરીંગ ફાઉન્ડેશનની સ્થાપના વર્ષ 1957માં કરવામાં આવી હતી. ઈન્ડિયન માઉન્ટેનિયરીંગ ફાઉન્ડેશન એક સર્વોચ્ચ સંસ્થા છે જે હિમાલયની ઊંચાઈ પર રોક કલાઈમ્બીંગ અને પર્વતારોહણનું આયોજન કરે છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**19.** દાવોસ એજન્ડા સમિટ, 2021નું આયોજન કઈ થીમ અંતર્ગત કરવામાં આવશે ?

– 'Stakeholders for, a cohesive and sustainable world'

(દાવોસ એજન્ડા સમિટનું આયોજન વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા કરવામાં આવે છે.)

**20.** ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કયા ફળનું નામ 'કમલમ્' રાખવા અંગે જાહેરાત કરી હતી ? – ડ્રેગન ફ્રૂટ

(ગુજરાતમાં ભાજપ પ્રદેશ પાર્ટીના મુખ્યમથકનું નામ પણ 'કમલમ્' છે. જે ગાંધીનગર ખાતે

આવેલું છે. ડ્રેગન ફ્રૂટના છોડની આયુષ્ય મર્યાદા પંદરથી વીસ વર્ષ સુધીની છે. જે ઉનાળા દરમિયાન 40°C થી વધુ તાપમાન ધરાવતા પ્રદેશોમાં ઉગે છે. ભારત 95% ડ્રેગન ફ્રૂટ મલેશિયા, થાઈલેન્ડ, વિયેતનામ અને શ્રીલંકામાંથી આયાત કરે છે.)

21. વર્ષ 2021ની રાજ્યકક્ષાની 'પરાક્રમ દિવસ'ની ઉજવણી કયાં કરવામાં આવશે ?

– સુરત જિલ્લાના બારડોલી તાલુકાના હરિપુરા ખાતે

(સુરત નજીક બારડોલીનું હરિપુરા એ ઐતિહાસિક સ્થળ છે. જયાં આઝાદીની ચળવળ વખતે કોંગ્રેસનું 51મું રાષ્ટ્રીય અધિવેશન મળ્યું હતું. 51મા કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં અધ્યક્ષ તરીકે શ્રી સુભાષચંદ્ર બોઝ હતા.)

22. ગુજરાતના કયા શહેરો માટે કલાઈમેટ રેસિલિયન્ટ સિટી એકશન પ્લાન તૈયાર કરવામાં આવશે ? – અમદાવાદ, વડોદરા અને રાજકોટ

23. જમ્મુ–કાશ્મીર સરકારે તાજેતરમાં શેના માટે GI (Geographical Indication) ટેગની માંગણી કરી છે ? – ગુછી મશરૂમ

(તાજેતરમાં જમ્મુ–કાશ્મીરના કેસરને GI ટેગ આપવામાં આવ્યો હતો. સ્થાનિક લોકો 'થૂંટૂ' તરીકે ઓળખે છે.

24. વર્ષ 2020ના જૂન મહિનાથી ચીનના બંદર પર અટવાયેલું કયું ભારતીય જહાજ જાપાન પહોંચ્યું હતું ? – એમવી જગઆનંદ જહાજ

25. તાજેતરમાં કયા દેશોએ યુનાઈટેડનેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)માં તેનો મતદાનનો અધિકાર ગુમાવ્યો છે ?

– ઈરાન, નાઈજર, દક્ષિણ સુદાન, ઝિમ્બાબ્વે, કોંગો બેઝવિલ્લે, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક અને લિબિયા (યુએનના ચાર્ટર 19 મુજબ જો કોઈ સભ્ય દેશ અમુક નિશ્ચિત અવધિમાં નાણાકીય યોગદાનની ચુકવણીમાં નિષ્ફળ જાય તો તેને મતદાનનો અધિકાર રહેતો નથી. યુનાઈટેડ નેશન્સમાં અમેરિકા સૌથી વધુ 22% નાણાકીય ફાળો આપે છે.)

26. બોમ્બે સ્ટોક એકસચેન્જના સૂચકાંક સેન્સેકસે તાજેતરમાં 50,000ની સપાટીને વટાવી હતી, બોમ્બે સ્ટોક એકસચેન્જ દ્વારા સેન્સેકસની શરૂઆત કયારે કરવામાં આવી હતી ?

– 1 જાન્યુઆરી, 1986

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(બોમ્બે સ્ટોક એક્સચેન્જની સ્થાપના 9 જુલાઈ, 1875ના રોજ કરવામાં આવી હતી. તેનું મુખ્યમથક મુંબઈ ખાતે આવેલું છે.)

27. તાજેતરમાં કયા રાજ્ય દ્વારા મનરેગા હેઠળ કાર્યકારી દિવસોની સંખ્યા 100થી વધારીને 150 કરવામાં આવી છે ? – ઉત્તરાખંડ

28. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રીને આયુષ મંત્રાલયનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે ? – શ્રી કિરેન રિજીજુને

29. તાજેતરમાં ડો. શાંતાનું 93 વર્ષની વયે ચેન્નઈમાં નિધન થયું હતું, તેઓ શેના પ્રખ્યાત ડોકટર હતા ? – કેન્સરના (Oncologist)

30. તાજેતરમાં કયા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દ્વારા ફ્લોટિંગ સોલર પાવર પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો ? – કોચીન ઈન્ટરનેશનલ એરપોર્ટ દ્વારા

31. તાજેતરમાં ઈન્ડોનેશિયાના કયા ટાપુ પર ખૂબ જ શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો ? – વેસ્ટ સુલાવેસી ટાપુ

32. 'મનોહર પરિકર–ઓફ ધ રેકોર્ડ' પુસ્તકનું અનાવરણ તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

– ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંત દ્વારા

(આ પુસ્તક શ્રી વામન સુભા પ્રભુ દ્વારા લખવામાં આવ્યું છે.)

33. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે કયા દેશ સાથે સૌર ઊર્જાના ક્ષેત્રમાં સહકાર વધારવા માટે મંજૂરી આપી હતી ? – ઉઝબેકિસ્તાન

34. તાજેતરમાં મણિપુર, ત્રિપુરા અને મેઘાલયનો કેટલામો રાજ્યદિવસ ઉજવવામાં આવ્યો હતો ?

– 49મો

(મણિપુર, ત્રિપુરા અને મેઘાલયને 21 જાન્યુઆરી, 1972ના રોજ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો હતો.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT